श्री परमात्मने नमः । ॐ अर्हं नमः । श्री गुरवे नमः ।

અકલંક ગ્રંથમાળા – પુષ્પ ૯૯

# જૈન કથાઓ

## ભાગ ૨૧

: સંપાદક :

તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મહારાજ

: પ્રકાશક :

અકલંક ગ્રંથમાળા

પાંચ પોળ જૈન સંઘ, કલ્યાણનગર જૈન ઉપાશ્રય,
શાહપુર દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦૦૦૪.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# છપાયેલ પુસ્તકોની યાદી


૧. કલ્યાણક સ્તવન ટોડર
૨. ઋષભદેવ ચરિત્ર
૩ શાંતિનાથ ચરિત્ર
૪. નેમિનાથ ને કૃષ્ણ ચરિત્ર
૫. પાર્શ્વનાથ ને આદિનાથ ચરિત્ર
૬. મહાવીર ચરિત્ર
૭. જૈન રામાયણ
૮. ચૈત્યવંદનથુઈ સજ્ઝાય માળા
૯. શુકરાજાની કથા
૧૦. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય-અર્થ સાથે
૧૧. અકલંકવિજયનું જીવનચરિત્ર
૧૨. કુમારપાળ ચરિત્ર
૧૩. ભક્તામર અર્થકથા સહિત
૧૪. છ કર્મગ્રંથ સાર ભા ૧
૧૫. નળ-દમયંતી ચરિત્ર
૧૬. પ્રકરણ ભાષ્યસાર
૧૭. જૈન કથાઓ ભાગ ૧
૧૮. છ કર્મગ્રંથ સાર ભાગ ૨
૧૯. જૈન કથાઓ ભાગ ૨
૨૦. સજ્ઝાયમાળા
૨૧. ભોગોપભોગ વિરમણવ્રત
૨૨. કુવલયમાળા કથા
૨૩. સામયિક પ્રતિક્રમણને અષ્ટકર્મ ઉપરની કથાઓ
૨૪. તિલકમંજરી
૨૫. જૈન કથાઓ ભાગ ૩
૨૬. વૈરાગ્યનું અમૃત યાને સમરાદિત્ય ચરિત્ર
૨૭. ઋષભદેવ ચરિત્ર સ્તવનો સાથે
૨૮. શાન્તિનાથચરિત્ર સ્તવનો સાથે
૨૯. નેમિનાથ ચરિત્ર સ્તવનો સાથે
૩૦. પાર્શ્વનાથ ચરિત્ર સ્તવનો સાથે
૩૧. મહાવીરચરિત્ર સ્તવનો સાથે
૩૨. જૈન રામાયણ
૩૩. ભક્તિ-મુક્તિ પર્યુષણમાળા
૩૪. ભૂર્ભુવઃ સ્વઃ ભાગ ૧
૩૫. શાંબપ્રદ્યુમન ચરિત્ર
૩૬. વીશ સ્થાનકની કથાઓ
૩૭. જૈન કથાઓ ભાગ ૪
૩૮. મયણા શ્રીપાળ
૩૯. નેમિ વિવાહલો
૪૦. મહાબળ મલયાસુંદરી
૪૧ થી જૈન કથાઓ
૪૭. ભાગ ૫ થી ૧૧
૪૮. ચૈત્યવંદનથુઈ સજ્ઝાયમાળા
૪૯. સજ્ઝાયમાળા ભાગ ૨
૫૦. છ કર્મગ્રંથસાર
૫૧. જૈનદર્શનને શ્રાવકદિન કૃત્ય
૫૨. જૈન કથાઓ ભાગ ૧૨
૫૩. ચૈત્યવંદનથુઈ સંગ્રહ


[ અનુસંધાન મુખપૃષ્ઠ ૩ ઉપર...

શ્રી પરમાત્માને નમઃ શ્રી પ્રેમસૂરિજી ગુરવે નમઃ

અકલંક ગ્રંથમાળા પુષ્પ–૯૯

# જૈન કથાઓ

## ભાગ–૨૧

卐

: પ્રકાશક :

અકલંક ગ્રંથમાળા

પાંચપોળ જૈન સંઘ

કલ્યાણનગર જૈન ઉપાશ્રય

શાહપુર દરવાજા બહાર, અમદાવાદ–૪

卐


: સંપાદક :

તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મહારાજ

卐

સં. ૨૦૪૬ * નકલ : ૧૦૦૦ * મૂલ્ય : અમૂલ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



# પૂજ્યશ્રીનો પરિચય

મુનિ અકલંકવિજય

જન્મ સ્થળ: લીંચ, જી. મહેસાણા

સંવત : ૧૯૭૦ ફાગણ સુદ–૫

: સંસારી નામ :

અમૃતલાલ શિવલાલ શાહ

ધાર્મિક શિક્ષક તરીકેનો વ્યવસાય કરીને જ્ઞાન અને તપની પ્રવૃત્તિ દ્વારા સંયમ ભાવનામાં અભિવૃદ્ધિ થતાં પૂ. આચાર્યશ્રી વિજયભૂવનભાનુસૂરિજી પાસે સંવત ૨૦૩૫ના વૈશાખ સુદ–૩ ના રોજ મલાડ મુકામે દીક્ષા અંગીકાર કરી મુનિ અકલંક વિજય નામાભિધાન પ્રાપ્ત કર્યું.

માનવ અવતારે સિદ્ધક્ષેત્ર જેવા દિવ્ય ધામમાં વર્ધમાન તપની ૧૦૦ ઓળી ૨૦૪૦ના વૈશાખસુદ-૩ના રોજ પૂર્ણ કરી.

કર્મશાસ્ત્રપારંગત સિદ્ધાંતમહોદધિ સ્વ. પૂજ્ય આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ પાસે ધાર્મિક કર્મગ્રંથાદિ અભ્યાસ કર્યો.

દીક્ષા પછી રત્નત્રયીની આરાધનામાં ઉદ્યમવંત છે. હાલ વર્ધમાન તપની પુનઃ ૫૨ મી ઓળીની આરાધના ચાલે છે. જ્ઞાન, તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું સરળ, સુબોધ ને સુગ્રાહ્ય શૈલીમાં લેખન–સંપાદનના કાર્યમાં પ્રવૃત્તિશીલ એવા મુનિશ્રી ને કોટિ કોટિ વંદન. પ્રો. કવિન શાહ–બીલીમોરા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# જૈનકથાઓની પ્રસ્તાવના

સ્વ-પર રહસ્યને પૂર્ણ સમજાવનાર આત્મકલ્યાણને સાધનારી શ્રી જિનવરની વાણી સમગ્ર જગતના જીવમાત્રનું હિત કરનારી છે.

જિનમુખદીઠી વાણી મીઠી, સુરતરૂવેલડી,
દ્રાક્ષ વિહાસે ગઇ વનવાસે, પીલે રસ સેલડી;
સાકર સેંતી તરણા લેતી, મુખે પશુ ચાવતી;
અમૃત મીઠું સ્વર્ગે દીઠું સુરવધૂ ગાવતી.

એથી વધુ ને વધુ ગુણવંતી યાને પાંત્રીસ ગુણોવાળી શ્રી. જિનવરની વાણીનો એક પણ શબ્દ સાંભળનાર ગુણ પામ્યા વિના રહેતો નથી.... આવી સર્વોત્કૃષ્ટ વાણી ચારે અનુયોગમાં દર્શાવાઈ છે... જે છે દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ, કથાનુયોગ .........મુનિરાજ શ્રી અકલંકવિજયજી મ. ૧૦૮ પુસ્તકોના સંપાદનનો પ્રયાસ કરી રહ્યા છે. ૧૦૧ પુસ્તક સુધીમાં દ્રવ્યાનુયોગ. તથા વિશેષ પ્રકારે આબાલ વૃદ્ધને ઉપયોગી થાય તેવી કથાઓ, મહાપુરુષોના જીવન ચરિત્રોને ઉલ્લાસભેર પુસ્તકોમાં સમાવ્યા છે. વાલીયો વાલ્મીકી બન્યો, ઘોર હિંસક અર્જુનમાળી, દઢપ્રહારી વિ. આત્માઓ પણ કેવળજ્ઞાન પામી તરી ગયા છે. તેમ આ પુસ્તકમાં સહસ્રમલ જુગારચોરી વિ. સાતે વ્યસનોથી ગ્રસિત હોવા છતાં કેવલી ભગવંતની વાણીથી સદ્બોધ પામી દીક્ષાગ્રહણ કરી કેવળજ્ઞાન પામે છે. નરક તરફ લઇ જનાર એવા દુષ્ટ કર્મ કરનાર અનુસુંદર રાજા આચાર્ય ભગવંત સમંતભદ્રસૂરિવરની વાણીના પ્રભાવે સર્વાર્થસિદ્ધ ગતિને પામી સુખનો ભોક્તા બન્યો.

વીરની વાણી પાપીને પણ પુણ્યશાળી બનાવે છે. અનેકવિધ-કથાઓ સ્વજીવનમાં પ્રેરણાત્મક બની શકે માટે આ પુસ્તકને મનન પૂર્વક વાંચવું એ અનિવાર્ય છે. આપણે સૌ એમ બોલીએ છીએ–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિચારીએ છીએ કે-આ પાપ કરનારો પાપી છે તેનું મુખ જોવા જેવું નથી, પણ ભાગ્યશાળીઓ ! જેને તમે પાપી તરીકે જુઓ છો તેવી વ્યક્તિ જ્ઞાનીના જ્ઞાનમાં મહાન આત્મા પરમ બનનાર જણાય છે. પાપ કરનારનો આત્મા ક્યારે જાગૃત બને છે એ અલ્પજ્ઞનો વિષય નથી... જૈન દર્શનકારો તો કહે છે કે પાપ કરનાર વ્યક્તિ પ્રત્યે ઘૃણા કે તિરસ્કાર ન કરો પણ પાપ ઉપર ઘૃણા કે તિરસ્કાર કરો... જેથી તમો પણ તમારા સર્વે પાપોનો નાશ કરી શકશો... આ પુસ્તક વાંચવાથી અંતે તે આત્મા દેવ-ગુરુ-ધર્મના શરણે જરૂર જશે.

મુનિરાજ શ્રી અકલંકવિજયજી મ. વયોવૃદ્ધ અવસ્થામાં જ્ઞાનોપાસના ખૂબ સુંદર અપ્રમત્તભાવે કરી રહ્યા છે. તેનો આપણે સૌએ લાભ મેળવવાનો છે. અન્યના મહાપુરુષોના, પતનમાંથી ઉત્થાનને પામેલા આત્માઓના આત્મવૃત્તાંતથી આપણને આપણા જીવન અંગે ઘણું ઘણું મળવાનું જ છે.

માર્ગાનુસારીના ૩૫ ગુણો પૈકી ૧૪ મો ગુણ એ છે કે વીતરાગની વાણીને સાંભળવાની ઇચ્છા રાખે, સાંભળે. સારી રીતે ગ્રહણ કરે, યાદ રાખે, અન્ય અર્થો પણ વિચારે, વિરોધી અને અવિરોધીનો ભેદ કરે, યથાર્થ અર્થ જાણે એમ સમજી વિચારીને જ્ઞાનને આરાધો વાંચો-વંચાવો.

પ. પૂ. આ. શ્રી વિજયપ્રિયંકરસૂરીશ્વરજી મ. ની

આજ્ઞાથી

**મુનિ રત્નપ્રભવિજય**

□

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સહસ્રમલ્લની કથા

કચ્છ દેશમાં કૌશંબી નગરી છે. તેમાં સહસ્ર-મલ્લ નામે વાણીઆનો પુત્ર રહેતો હતો. તે બીજાને છેતરવામાં ચતુર, જુઠું બોલનારો, સાતે વ્યસનમાં પુરો હતો. દરેક દેશની ભાષામાં તેમજ વેશપલટો કરવામાં ચતુર હતો. વળી તે નગરીમાં રત્નસાર નામે શેઠ રત્નોનો વેપાર કરતો હતો. એક વખત સહસ્રમલ્લ શાહુકારનો વેશ પહેરી રત્નસારની દુકાને જઈ રત્નો ખરીદવાનું કહી શેઠ રત્નો કયાં મુકે છે તે ઠેકાણું જોઈ લીધું. પછી રાત્રે તે શેઠની દુકાનમાં બાકોરૂં પાડી પોતાનો પગ અંદર નાખ્યો. શેઠનો દીકરો અંદર સૂતો હતો તે જાગી ગયો. તેણે ચોરના બે પગ પકડયા. બન્ને જણા પરસ્પર ખેંચવા લાગ્યા. તેમાં સહસ્રમલ્લનું શરીર બહુ ઘસાયું છેવટે શેઠના પુત્રે તેને છોડી દીધો એટલે તે ઘેર ગયો અને શરીર ઘસાવાની પીડાથી પોકાર કરવા લાગ્યો. તેની માતાએ કહ્યું કેઃ જે પારકું ધન ચોરે છે તેને સારણ જુગારીની જેમ બહુ સહન કરવું પડે છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉજ્જેણી નગરીમાં સારણ જુગારી રહેતો હતો. તે પોતાનું ધન જુગારમાં હારી ગયો તેથી ચોરી કરવા ઘેર-ઘેર ભમતો હતો. એક વાણીઓ તેના પુત્રને દસ હજાર સોનામહોર દાટવા સંબંધી કહેતો હતો તે વાત સાંભળી તે જુગારી સ્મશાનમાં જઈ શ્વાસ બંધ કરીને સૂઈ ગયો. પિતા-પુત્ર દશ-હજાર સોનામહોર દાટવા તે સ્થળે આવ્યા. પિતાએ પુત્રને કહ્યું : હે પુત્ર! તું સ્મશાનમાં બધે તપાસ કરી આવ કે કોઈ માણસ છે કે નહિ, જો કોઈ ન હોય તો અહિં તે ધન દાટીએ. પુત્રે ઘણાં મડદાં શરીર છેદાએલાં જોયાં. પણ આ સારણનું શરીર કોઈ પણ ઠેકાણેથી છેદાએલું જોવામાં આવ્યું નહિ.

શેઠના પુત્રે તેનું સર્વ શરીર તપાસ્યું. મોઢાનો ને નાકનો પવન બંધ કરીને જોયો પછી પિતાને જઇને કહ્યું કે : એક મડદું અક્ષત શરીરવાળું છે. બાકી બધાં મડદાં છેદાઈ ગએલ છે. પિતાએ કહ્યું કે : કોઈ ધુતારો આવીને પડ્યો હશે તો બરાબર તપાસ કર. પુત્રે ત્યાં જઈ બરાબર તપાસ કરી પછી તેના પગ પકડી ઘસડ્યો. પણ તે જુગારી કંઇ બોલ્યો નહિ તેથી આવીને પિતાને કહ્યું કે : તે નક્કી મરી ગયેલ છે. પિતાએ ખાત્રી કરવા કહ્યું કે : તેનાં નાક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાન કાપી લાવ. એટલે પુત્રે તેના નાક કાન કાપી લાવી દેખાડ્યા, તેથી પિતાને પણ ખાત્રી થતાં સઘળું ધન ત્યાં ખાડો ખોદી દાટી દીધું. પછી પિતા પુત્ર બન્ને ઘેર આવ્યા. પેલો સારણ જુગારી દાટેલા ધનના ઠેકાણે આવી બધું ધન કાઢીને લઈ ગયો.

બીજે દિવસે પિતાએ પુત્રને કહ્યું કે તું સ્મશાનમાં દાટેલું ધન જોઈ આવ. પુત્રે ત્યાં ખોદીને જોયું તો ધન મળ્યું નહિ તેથી બહુ ખેદ પામી ઘેર જઈ પિતાને તે વાત કહી. પિતાએ પણ ત્યાં જઈ તપાસ કરી એટલે પુત્રને કહ્યું કે: "નક્કી પેલો ધુતારો લઇ ગયો લાગે છે. માટે નાક કાન કાપેલા તે પુરૂષની શોધ કરીએ. શોધ કરતાં એક દિવસ તે પુરૂષ મળી જતાં તેનો હાથ પકડી શેઠે કહ્યું કે: "તેં જેટલું ધન વાપર્યું તે ગયું પણ બાકીનું પાછું આપ. સારણે કહ્યું કે: તમે રાજાને ન જણાવો તો બાકીનું ધન પાછું આપું. શેઠે કબુલ કરી બાકીનું ધન લઈ તેને છોડી મુકયો. તેથી હે પુત્ર! તું તે પીડા સહન કર. તારાં કંઇ નાક કાન કપાયાં નથી. ધન મેળવવા માણસ મરણીયો થઇને દુઃખ સહન કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માતાના કહેવાથી હર્ષ પામેલો તે અનુક્રમે સાજો થયો ને ફરી ચોરી કરવા લાગ્યો. એક વખત તે સહસ્રમલ્લે પુરોહિતના ઘેર ખાતર પાડી બહુ ધન લાવી માતાને આપ્યું અને કહ્યું કેઃ સવારે નગરમાં થતી લોકની વાણી સાંભળી મને કહેજો. તેની માતાએ બધી જગાએથી જુદી જુદી વાત સાંભળી પુત્રને કહ્યું કેઃ પુરોહિતે રાજાને ફરીઆદ કરી તેથી રાજાએ કોટવાલને બહુ ઠપકો આપ્યો. તે વખતે રાજાની પાસે બેઠેલા ધનસાર શેઠે કહ્યું કેઃ તે ચોર મારે ત્યાં કપડાં લેવા જરૂર આવશે. ત્યારે હું પકડીને આપને સોંપીશ. ત્યાં રહેલ હજામે પણ કહ્યું કેઃ મહારાજ! તે ચોર હજામત કરાવવા ને નખ ઉતરાવવા મારે ત્યાં આવશે એટલે પકડીને આપને સોંપીશ. સહસ્રમલ્લે માતાને કહ્યું કે : આપ મારી ચિંતા કરશો નહિ. તે બન્નેમાંથી કોઈ મને પકડી શકે તેમ નથી. એમ કહી વાણીયાનો વેશ લઈ હજામને ઘેર ગયો. હજામે કોઈ શેઠ ધારી તેની હજામત કરી નખ ઉતાર્યા ને ન્હવરાવ્યો. પછી સહસ્રમલ્લે કપડાં પહેરી હજામને કહ્યું કેઃ તારા પુત્રને મોકલ હું તેને બજારમાં નોટ વટાવી પૈસા આપી દઉં.

હજામના છોકરાને લઈ ચોર ધનસાર શેઠની દુકાને ગયો. શેઠે તેને શાહુકાર જાણી તેના કહેવા મુજબ કાપડ લાવીને બતાવ્યું. તેમાંથી જે જોઈતું હતું તે લઈને તેની કિંમત પૂછી. પછી શેઠને કહ્યું કે: હું રૂપિયા સાથે લાવ્યો નથી તો પૈસા લઈને આવું ત્યાં સુધી આ મારા છોકરાને સાચવી રાખજો. ભોળા શેઠે તે વાત કબુલ કરી એટલે કપડાં લઈ ચોર ઘેર ગયો અને તેની માને આપ્યાં અને લોકવાણી સાંભળી મને કહેજો એમ કહ્યું. તેની માતાએ સવારે બધી વાત લોકો પાસેથી જાણી પુત્રને કહ્યું કે: હે પુત્ર! શેઠે અને હજામે રાજાને ફરીયાદ કરી છે કે તે ચોર અમને બન્નેને ઠગી ગયો છે. ત્યાં આવેલા સોદાગરે રાજાને કહ્યું કે: તે ચોર મારે ત્યાં ઘોડા ખરીદવા આવશે ત્યારે પકડી આપને સ્વાધિન કરીશ તેમજ કામપતાકા-વેશ્યાએ પણ રાજાને કહ્યું કે: ચોર લોકો મારે ત્યાંજ આવે છે તે આવશે ત્યારે તેને પકડીને આપની પાસે લાવીશ.

રાજાએ બહુ સારૂં એમ કહ્યું. માના આવાં વચન સાંભળી સહસ્રમલ સાર્થવાહનો વેશ લઈ સોદાગરની પાસે ગયો. સોદાગરે તેને સારો માણસ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાણી બેસવા આસન આપ્યું. પરસ્પર બન્ને વાતો કરવા લાગ્યા. સહસ્ત્રમલે સોદાગરને કહ્યું કે: તમે નગરીની બહાર કેમ પડાવ નાખીને રહ્યા છો? સોદાગરે કહ્યું કે: અમે પરદેશી હોવાથી અમારૂં ઘર નગરમાં નથી તેથી અહિં ઉતારો કર્યો છે. સહસ્ત્રમલે કહ્યું કે: મારે ઘેર આવો. સોદાગરે કહ્યું કે: પારકે ઘેર રહેતાં મને શંકા થાય છે. ત્યારે સહસ્ત્રમલે કહ્યું કે: મિત્રના ઘેર રહેવામાં શંકા થાય તો મિત્રપણું શાનું! જો તમે મારા સાચા મિત્ર હોય તો જરૂર મારે ત્યાં આવો. એમ કહી સોદાગરને લઈ કામપતાકાવેશ્યાને ત્યાં લઇ ગયો. અને વેશ્યાને કહ્યું કે: આ સોદાગર તારે ત્યાં રહેવા આવ્યો છે તેને રહેવા સારૂં મકાન આપ. વેશ્યા સમજી કે સોદાગર પાસેથી ઘણું ધન મળશે એટલે તેને સારો ઉતારો આપ્યો અને ઘોડા સારે ઠેકાણે બંધાવ્યો પછી સહસ્ત્રમલ વેશ્યા પાસે ગયો. વેશ્યાએ તેને આસન આપી ઉના પાણીથી તેના પગ ધોવા માંડયા.

ત્યારે સહસ્ત્રમલે કહ્યું કે: હમણાં પગ ધોવાની જરૂર નથી. મારે રાજા પાસે જવાનું છે તો તું તારા ઘરેણા મને પહેરવા આપ. હું રાજાને મળી

આવું. પછી તને તારાં ઘરેણાં પાછાં આપીશ. વેશ્યાએ તેને ઘરેણાં આપ્યાં. તે લઈ સહસ્રમલે સોદાગરની પાસે આવીને કહ્યું કે: મારે અત્યારે રાજાને મળવા જવાનો વખત છે તો તમારો જે સારો ઘોડો હોય તે મને બેસવા આપો. સોદાગરે સારો ઘોડો આપ્યો. તેના પર બેસી ઘરેણાં લઇ પોતાને ઘેર સહસ્રમલ આવી ગયો.

બહુ વખત થવા છતાં પાછો નહિ આવ્યો એટલે વેશ્યાએ રાજદરબારમાં આવી પૂછયું કે ઘોડા પર બેસી કોઈ માણસ આવ્યો હતો! તેઓએ ના પાડી એટલે સોદાગરને પૂછયું કે: તમારી સાથેના ભાઈ હજુ સુધી કેમ નથી આવ્યા? સોદાગરે કહ્યું કે: તે મારો ઘોડો લઈ ગયો છે. વેશ્યાએ કહ્યું કે: મારા ઘરેણાં લઇ ગયો છે, બન્ને જણાએ રાજાને ફરીયાદ કરી. રાજાએ તલારક્ષકને બોલાવી કહ્યું કે: તું પાંચ દિવસમાં ચોરને પકડી લાવ. તલારક્ષકે તે મુજબ કબુલ કર્યું.

આ સર્વ વાત સહસ્રમલની માએ લોકોના મોઢેથી સાંભળી પુત્રને કહ્યું કે: તું સાવચેત રહેજે. કારણ કે તલારક્ષકને રાજાએ પાંચ દિવસમાં પકડી લાવવા કહ્યું છે: સહસ્રમલે કહ્યું કે: તેનું ધન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પડાવી લાવું તો હું તમારો પુત્ર ખરો માનજો. એમ કહી બ્રાહ્મણનો વેશ લઈ એક દેવમંદિરમાં જુગટું રમવા લાગ્યો. તલારક્ષકે તેને જુગાર રમતો જોઈ તે પણ તેની સાથે જુગાર રમવાં લાગ્યો. તે વખતે પોતાની નામવાળી વીંટી હોડમાં સહસ્ત્રમલને આપી. તે વખતે રાજાનું તેડું આવતાં તલાર રાજા પાસે ગયો.

સહસ્ત્રમલે તલારને ઘેર જઇ તેની સ્ત્રીને કહ્યું કેઃ મને કોટવાલે પોતાના નામની વીંટી આપીને મોકલ્યો છે અને કહ્યું છે કેઃ મને રાજાના સીપાઇઓ બાંધીને રાજા પાસે લઇ ગયા છે તો તું મારી સ્ત્રીને મારી વીંટીની એંધાણ આપી ઘરમાંથી બધા દર-દાગીના વગેરે હમણાં લઇને તારા ત્યાં રાખજે. પછી હું મંગાવી લઇશ. સ્ત્રીએ તેની વાત સાચી માની ઘરમાંથી દરદાગીના વગેરે સારવસ્તુ તેને આપી. તે લઈ સહસ્ત્રમલ ઘેર આવ્યો તલાર થોડી-વાર પછી ઘેર આવ્યો. ત્યારે તેની સ્ત્રીએ પુછયું કેઃ તમે રાજા પાસેથી છૂટીને શી રીતે આવ્યા ? તલારે કહ્યું કેઃ મને કોઈએ બાંધ્યો કે છૂટો કર્યો નથી. સ્ત્રીએ કહ્યું કે: તમારી વીંટી બતાવી તે ઘરમાંથી બધી સારવસ્તુ લઈ ગયો છે. તલારે કહ્યું કેઃ કોઈ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધુતારો તને છેતરી ગયો લાગે છે. એમ કહી રાજાને બધી હકીકત જણાવી કહ્યું કે તે ધુતારો ચોર મને પણ ઠગી ગયો છે.

આ સાંભળી રાજાએ ક્રોધથી કહ્યું કે: તે ચોરને હું પોતે જ શોધી કાઢીશ. તલારે કહ્યું: ખરેખર! આપ જ તેને પકડી શકો તેમ છો બીજા કોઈનું તેમાં ગજુ નથી.

આ બધી વાત લોકોના મોંઢેથી સાંભળી તેની માએ સહસ્ત્રમલને કહ્યું કે: હવે તો રાજાએ જ તને પકડવાની પ્રતિજ્ઞા કરી છે! સહસ્ત્રમલે કહ્યું કે: મને કોઈનો ભય નથી. હવે તમે મારૂં પરાક્રમ જુઓ! એમ કહી રાત્રે તે બ્રાહ્મણનો વેશ લઇ રાજદરબારે આવી પ્રતિહારીને કહ્યું કે: રાજાને કહો કે "અંગમર્દન કરવામાં ચતુર ને વિદ્વાન પરદેશી બ્રાહ્મણ આપને મળવા માગે છે." રાજાએ કહ્યું કે: તેને ઝટ અંદર લાવ. પ્રતિહારી તેને રાજા પાસે લઈ ગયો. રાજાના પૂછવાથી તે બ્રાહ્મણે કહ્યું કે: આપ મારૂં કામ જુઓ: પછી રાજાએ સર્વ દાગીના ઉતારી બાજુમાં મૂકી મર્દન કરાવવા માંડયું.

રાજાને નિદ્રા આવી જતાં સહસ્રમલ રાજાનાં સર્વ ઘરેણા લઈ બહાર નિકળી ગયો. રાજાનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અંગમર્દક જાણી કોઈએ તેને રોકયો નહિ. સહસ્રમલે ઘેર આવી પોતાની માતાને સર્વ ઘરેણાં આપ્યા. સવારે રાજાએ જાગીને જોયું તો અંગમર્દક કે ઘરેણાં કાંઈ પણ ન હોવાથી વિલખો બની જ્યારે તે સભામાં આવ્યો ત્યારે મંત્રીએ રાજાનો ચહેરો ઉતરી ગએલ જોઈ તેનું કારણ પૂછતાં રાજાએ સર્વ હકીકત કહી. મંત્રીએ કહ્યું: મહારાજ! ચોર ગૂઢ બુદ્ધિવાળો જણાય છે તો મંત્રના જાણકારને બોલાવીએ. પછી રાજાની આજ્ઞાથી મંત્રીએ એક જૈન શ્વેતાંબર સાધુને બતાવ્યા તે મુનિ જિનરક્ષિત શ્રાવક સહિત રાજાની પાસે આવ્યા. મંત્રીએ ચોરની બાબત પૂછતાં મુનિએ કહ્યું કે: એ કહેવાનો અમારો આચાર નથી. પછી જિનરક્ષિતે કહ્યું કે: મારી પાસે એક મંત્ર છે તે મંત્રના બળથી ચોરનો પત્તો મેળવી આપીશ. એમ કહી તેઓ પોત પોતાના સ્થાને ગયા.

આ વાત લોકોના મુખથી થતી સાંભળી. માએ પુત્રને કહી. સહસ્રમલે વિચાર્યું કે એ શ્રાવક મને ઓળખી કાઢશે એમ વિચારી શ્રાવકનો વેશ પહેરી તે જિનમંદિરે ગયો. ત્યાં તેને ચૈત્યવંદન કરતા જિનરક્ષીતે જોયો. સાધર્મિક જાણી જમવા આમંત્રણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપ્યું. તેણે જિનરક્ષિતનો ઘણો આગ્રહ જોઈ કબુલ કર્યું. ભોજન કરવા તે રોજ જિનરક્ષિતને ત્યાં જતો હતો. એક વખત વાતો કરતાં રાત પડવાથી જિનરક્ષિતે પોતાને ત્યાં સુવા માટે કહ્યું. સહસ્ત્રમલે કબુલ કર્યું. એટલે તેને સુવા માટે પલંગ આપી કહ્યું કેઃ હું અત્યારે મંત્ર જાપ કરવા બેસું છું, રાજાએ મને ચોર શોધવાનું કહ્યું છે એટલે કામ પત્યા પછી તમારી પાસે આવીશ. એમ કહી જિનરક્ષિત એકાંતમાં જાપ કરવા બેઠો. સહસ્ત્રમલ લાગ જોઈ તેના ઘરમાંથી સારસાર વસ્તુ લઈ નાસી ગયો.

સવારે ખાતર પડેલું જોઈ રાજાને બધી હકીકત કહી. મંત્રીએ જિનરક્ષિતને લુંટાયો જાણી દિગમ્બર સાધુને બોલાવી ચોર શોધવા કહ્યું. સહસ્ત્રમલને તેની માએ આ વાત કહી. તેથી તે દિગમ્બર સાધુ પાસે વાણીઆનો વેશ લઇને ગયો અને કહ્યું કેઃ

મારે આપની પાસે દીક્ષા લેવી છે. મુનિએ કહ્યું કેઃ થોડા દિવસ મારી પાસે રહી તાલીમ લો પછી દીક્ષા આપશું. એક રાત્રે લાગ સાધી ઉપાશ્રયમાંથી બધું લઈ નાસી ગયો. દિગમ્બર સાધુએ રાજાને બધી વાત કહી. તેથી રાજાએ નારાયણ નામે દિગમ્બર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બ્રાહ્મણને ચોર શોધી કાઢવા કહ્યું. આ વાત માતા પાસેથી જાણી.

સહસ્રમલ બટુકનો વેશ પહેરી નારાયણ-બ્રાહ્મણને ત્યાં ગયો અને વેદ ભણવા પરદેશથી આવું છું તેમ કહ્યું. બ્રાહ્મણે તેને ભોજન કરાવી રાત્રે ઘરમાં સુવાડચો અને પોતે એકાંતમાં બેસી જાપ કરવા લાગ્યો. સહસ્રમલ તેના ઘરમાંથી સાર-સાર વસ્તુ લઇ નાસી ગયો. સવારે બ્રાહ્મણે રાજાને લુંટાયાની વાત કહી. બીજે દિવસે શીવશર્મા બ્રાહ્મણને ચોર શોધી કાઢવા કહ્યું. તેની પણ ચોરે એવી જ દશા કરી. પછી રાજાએ બૌદ્ધાચાર્યને ચોર શોધી કાઢવા કહ્યું. તેની પણ ચોરે એવી જ દશા કરી. તેથી પરમહંસ આચાર્યને તે કામ સોપ્યું. તે પણ ઠગાયો. એટલે છેવટે ભૂતવાદી સુર-પ્રિય પાખંડી ને ચોર શોધી કાઢવા કહ્યું.

સહસ્રમલ આ સમાચાર જાણી એક રૂપવતી વેશ્યા પાસે ગયો અને પાનનું બીડું આપી કહ્યું કે જો મારૂં કામ કરી આપો તો દશ સોનામહોર આપીશ. વેશ્યાએ તે કબુલ કર્યું : પછી તે વેશ્યાને સાથે લઇ પાખંડીને ત્યાં ગયો અને પાખંડીને કહ્યું કે : આ મ્હારી બ્હેન છે તે આપની પાસે દીક્ષા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લેવાની ઇચ્છા કરે છે પાખંડીએ કહ્યું, તે યોગ્ય છે પણ અમારો દીક્ષાનો આચાર એવો છે કે પહેલી દીક્ષામાં પશુને હણવું પડે છે. મદ્યપાન કરવું પડે છે, અમારી સાથે એક પાત્રમાં ભોજન કરવું પડે છે. અમારા ઉપર પોતાના પતિની જેમ વર્તવું પડે છે. સહસ્ત્રમલ્લે કહ્યું કે આ મારી બ્હેન તમારા કહેવા મુજબ બધું કરશે.

પછી સર્વ વિધિ પતાવી. રાત્રીએ પાખંડીએ સહસ્ત્રમલને કહ્યું કે: આ તારી બ્હેનની સાથે કોઈ કારણને લીધે અમારે એકાંતમાં સુવું પડશે. માટે આ તારી બ્હેન મારા શિષ્યો સાથે મદ્યપાન કરે. સહસ્ત્રમલે કહ્યું કે: ગુરુ આજ્ઞા માન્ય છે. પછી સર્વ શિષ્યોએ તે વેશ્યા સહિત મદ્યપાન કર્યું. બહુ મદ્યપાન કરવાથી સર્વે વિહ્વલ બની ગયા. ભાન-ભુલી નગ્નાવસ્થામાં પૃથ્વી પર પડયા.

સહસ્ત્રમલે આવી વ્યવસ્થા જોઇ આશ્રમમાં જે કંઈ હતું તે લઇ અને ખોટું કામ કરી તે નાસી ગયો. સવારે મદ્યનો નશો ઉતર્યો એટલે રાત્રીએ પરસ્પર જે કાંઇ ખોટું કામ કર્યું હતું તે જોઇ લજ્જા પામતા છતા આશ્રમમાં પડેલી વેશ્યાને પુછવા લાગ્યા કે: એ તારો ભાઇ કયાં ગયો?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વેશ્યાએ કહ્યું કે: મારે કોઇ ભાઇ નથી. મને કોઇ ધુતારો ઠગીને નાસી ગયો લાગે છે. પાખંડીએ રાજા પાસે જઇ કહ્યું કે: મારા આશ્રમમાં ખાતર પડયું છે. મારા શિષ્યો સાથે નીચ કાર્ય કરી કોઇ નાસી ગયો છે. રાજાએ મંત્રીને આજ્ઞા કરી તેને વિદાય કર્યો. પાખંડી પોતાના આશ્રમે જતો રહ્યો.

આ પ્રમાણે તે સહસ્રમલ ચોરે છએ દર્શનના ગુરુઓને લુંટીને માન ભંગ કર્યા. થોડા દિવસમાં તેણે સર્વ નગરને લુંટી લીધું. નિરંતર તે બહુ જીવોની હિંસા કરતો અને પરસ્ત્રીઓને ઇચ્છા મુજબ ભોગવતો હતો. રાજા અને મંત્રી તેને કોઇ રીતે પકડી શકયા નહિ.

એક દિવસ તે કૌશંબી નગરના ઉદ્યાનમાં વિશુદ્ધ નામે કેવળી ભગવાન સમોસર્યા. રાજા વગેરે સર્વે તેમને વંદન કરવા ગયા. સહસ્રમલ પણ જુદો વેશ લઇ ત્યાં ગયો. કેવળીભગવાને દેશના આપી કે જે પુરૂષ બીજા જીવોની હિંસા કરે છે, જુઠું બોલે છે, પારકું ધન ચોરે છે અને પરસ્ત્રીગમન કરે છે. તેમજ મહા આરંભ અને મહાપરિગ્રહ કરે છે. તે નરકમાં જઇ દારૂણ દુઃખ ભોગવે છે. આ સાંભળી સહસ્રમલ ચોર વિચારવા લાગ્યો કે: આ બધાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાપો કરનાર મારી શી ગતિ થશે? નરકનાં દુઃખ શી રીતે સહન કરીશ? પાપથી બચાવનાર ગુરુનું શરણ લઉં.

આમ વિચારી કેવળી ભગવાનને કહ્યું કે: હું સંસારથી ઉદ્વેગ પામ્યો છું. મારી યોગ્યતા હોય તો મને દીક્ષા આપો. કેવળીએ કહ્યું કે: હે સુંદર! તું પ્રતિબંધ ન કર. યોગશુદ્ધિ કરી તારા આત્માને પવિત્ર કર. તેણે કહ્યું કે: રાજા મારા પર કોપાયમાન થયો છે માટે બીજે સ્થાનકે જઇ મને દીક્ષા આપો.

કેવળી ભગવાને કહ્યું કે: હે ભદ્ર! તું ભય પામીશ નહિ. સવારે તું મારી પાસે આવજે. રાજા પણ અહિં આવશે તે વખતે તારૂં સર્વ સારૂં થશે. પછી સવાર થતાં ફરી નગરજનો સહિત રાજા કેવળી-ભગવંતને વંદન કરવા આવ્યો. તે વખતે સહસ્રમલ પણ આવીને કેવળીની પાસે બેઠો. કેવળી ભગવંતે દેશના આપી સર્વના સંદેહ ભાંગ્યા. રાજાએ કેવળીને પૂછયું કે: તે ચોર કયાં છે? કેવળીએ કહ્યું કે: હે રાજન! તે હમણાં તારા ડાબે પડખે

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

બેઠો છે. તેને પોતાના દુષ્કર્મનો પસ્તાવો થયો છે અને દીક્ષા લેવા તૈયાર થયો છે. હવે તારે તેના પર કોપ કરવો નહિ. તેને તું સહાય કર. રાજાએ કહ્યું કે : આપ કહેશો તેમ કરીશ. પછી ચોર પોતાની મા અને રાજાને સાથે લઈ કેવળી ભગવંત પાસે આવી, દીક્ષા લીધી.

દીક્ષા બાદ ઘોર અભિગ્રહ લીધો કે, જાવજ્જીવ માસખમણ કરીશ. રાજાએ તેનાં વખાણ કર્યાં. પછી તે મુનિ ગીતાર્થ બની ઉત્કૃષ્ટ છ માસનું તપ કરી કેવળજ્ઞાન પામ્યા. પછી ભવ્ય જીવોને બોધ પમાડી સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે ગયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# અનુસુંદર રાજાની કથા

નરકને યોગ્ય કર્મ કરનાર અનુસુંદર રાજા સમંતભદ્ર આચાર્યની કૃપાથી સર્વાર્થસિદ્ધના સુખને પામ્યો. તે કથાની શરૂઆત કરતાં સંસારરૂપ નગરનું વર્ણન કરે છે. જેની તોલે કોઈ ન આવે તેવું જેનો મૂળ અને અંત નથી એવો, જુદાજુદા જન્મોરૂપી દુકાનોમાં વિસ્તાર પામેલ છે, સુખ–દુઃખ રૂપ કરીયાણા જેમાં એવું સંસાર નામે એક નગર છે. ચિત્ત આકુલ બૌદ્ધઆદિકમતના દેવોરૂપી નદીઓની પ્રાપ્તિથી કોલાહલવાળું, મોહરૂપી નિબિડ કિલ્લાવાળુ, તૃષ્ણારૂપી ખાઈથી વીંટાએલું તથા ન ઓળંગી શકાય તેવું નગર છે. વહાલાનો વિયોગ, અપ્રિયના સંગમરૂપી ગંભીર કૂવાઓથી બહુરૂપવાળુ, વિસ્તાર પામતા વિષયોરૂપી તળાવવાળું, શરીરરૂપી વનવાળુ, તથા મૂર્ખતારૂપી ઘરોથી રમણિક થએલું છે, અવિવેકરૂપી હસ્તિશાળાઓથી તથા વિકલ્પોના સમૂહોરૂપી ઘોડાહારોથી દીપાયમાન થએલું તથા મર્યાદા વિનાના કામદેવ સંબંધી



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મનોરથોરૂપી રથોના આવાગમનથી ખોદાએલો છે માર્ગ જેનો એવું તે નગર છે.

તે નગરમાં સંબંધિ વિનાના અને શબ્દાદિક ત્રેવીશ વિષયોરૂપી ખરાબ ભોજનથી દુઃખે કરીને ભરાય છે પેટ જેનું અને પાપી એવો દ્રમક નામે સંસારી જીવ હતો. તત્ત્વને અતત્ત્વપણે ગ્રહણ કરવાથી તથા ધનાદિકના લોભથી વિપરિત બુદ્ધિવાળો અને ઉત્તમ ધર્મરૂપી કોડીને પણ નહિ મેળવવાથી તે દ્રમક મહાદરિદ્રી હતો, કર્મરૂપી શત્રુને નાશ કરનારા, બલના અભાવથી પુરૂષાતન વિનાનો, વિષયોરૂપી ક્ષુધાના અનુગમથી ભુખાવરો અને સર્વજ્ઞ પ્રભુને નહિ ભજવાથી અનાથ હતો. દુષ્કાર્યો રૂપી પૃથ્વી પર લોટવાથી ત્રુટેલાં શરીરવાળો, કર્મના બંધરૂપી ધૂળથી ખરડાએલો, મોહની કલારૂપી અપવિત્ર વસ્ત્રવાળો તથા ચારિત્રધારી મુનિઓ પ્રત્યે નિંદ્યપણાને પ્રાપ્ત થયો હતો. વિષયોરૂપી ખરાબ ભોજનની આશાની પીડાથી ઉચ્ચનીચ જન્મો નામના ઘરોમાં ભમીને તે દ્રમક પોતાના આયુષ્યરૂપી વાસણમાં તુચ્છ ભિક્ષા ધારણ કરે છે. ખરાબ વિકલ્પોના હેતુભૂત એવાં શાસ્ત્રો તથા કુતીર્થીઓરૂપી બાલકોના સમૂહો અહિં તેના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તત્ત્વસન્મુખ થએલા શરીરને પત્થરાદિક મારીને ખોખરૂં કરે છે તે વેદનાથી વ્યાકુળ થએલો તથા વિવિધ પ્રકારની ગતિના દુઃખથી થતા શોકમાં મગ્ન થયો થકો આ દ્રમક અત્યંત પોકાર કરે છે પણ તેને કોઈ મદદગાર થતું નથી.

આ દ્રમકને મિથ્યાત્વરૂપી ઉન્માદ સઘળાં અકાર્યોમાં પ્રવર્તનારો થાય છે, અને મહાતાપને કરનારો એવો રાગ તેને તાવની પેઠે અતિ દુઃખ માટે થાય છે. તે દ્રમકને સમતાના ઘસાવાથી કરેલ છે હર્ષ જેણે એવી ક્રોધરૂપી ખાજી થઇ છે. વિવેકરૂપી આંખોનો નાશ કરનારો અજ્ઞાનરૂપી નેત્રનો રોગ થયો છે. હૃદયમાં દુઃખ કરનારૂં દ્વેષરૂપી શૂળ થયું છે. મદશોક અને અરતિથી ઉત્પન્ન થએલી અને ઉદ્વેગ કરનારી દીનતારૂપી કોઢનો રોગ થયો છે. ઉત્તમ કાર્યોના ઉત્સાહને હરનારો જલોદર સરખો પ્રમાદનો સમૂહ થએલો છે. ભક્તપરની અશ્રદ્ધા અવિરતિ તથા વ્રતરૂપ પથ્ય ભોજનની રૂચિને નાશ કરનારી એવી ભયંકર મૂર્છા થએલી છે. હૃદયની વૃત્તિનું સર્વસ્વ જેણે નાશ કરેલ છે એવા ધનનો અહંકાર થએલો છે. જાણે હૃદયને ફાડી નાખતો હોય નહિ એવો

સંકલ્પોરૂપી મહાશ્વાસ વૃદ્ધિ પામ્યો છે. ન બોલી શકાય એવી ગુપ્ત પીડાના પરિણામવાળા અર્શોના અંકુરાઓ થએલા છે. ઇત્યાદિ ભાવરોગોથી પીડાએલો એવો આ દ્રમક સમતાવંત મુનિઓને દયાના સ્થાનરૂપ થઈ પડ્યો છે, રાગવાળા મુનિઓને હાંસીરૂપ થઈ પડ્યો છે તથા બીજાઓને ક્રીડાના સ્થાનરૂપ થઈ પડયો છે.

તે તુચ્છ બુદ્ધિવાળો દ્રમક વિષયોરૂપી ભિક્ષા મેળવવાની ઇચ્છાથી વ્યાકુળ થયો થકો ઘરઘર પ્રતે ભમતો થકો આર્ત અને રૌદ્રધ્યાન ધ્યાવતો થકો ખોટા વિકલ્પોથી ખેદ પામે છે. તે દ્રમક એમ વિચારે છે કે જ્યારે હું તે વિષયોરૂપી ભિક્ષાને મેળવીશ ત્યારે હું એકાંત જગા પર જઈ નિરાંતે તેનું ભક્ષણ કરીશ. બાકી રહેલું રાખી મેલીશ પણ કોઈને આપીશ નહિ જો તેઓ બલાત્કારે લેશે તો તેઓની સાથે યુદ્ધ કરીશ. એવી રીતે જુઠું ધ્યાન ધરતો થકો પણ પુણ્ય રહિત એવો તે દ્રમક કંઈ પણ મેળવી શકતો નથી. અને કેટલેક પ્રયાસે તે વિષયોરૂપી અન્નની પ્રાપ્તિ હોતે છતે જગતને તૃણસમાન જાણે છે. મૂઢ પ્રાણી પોતાને ઇન્દ્ર સરખો માને છે. પોતાની સ્ત્રીને અપ્સરા તુલ્ય માને છે. ઘરને વિમાનરૂપ અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નગરને સ્વર્ગ તુલ્ય માને છે. પરિવારને દેવોની પેઠે માને છે, ખરાબ ભોજનના લેશમાત્રને મેળવીને ખાતો થકો તે જાણે મારૂં ભોજન ઈન્દ્ર લઈ લેશે એમ શંકા કરે છે. નિસ્પૃહી એવા મુનિથી પણ ભય પામે છે. ખરાબ અન્નના રક્ષણ માટે જ તે ઉદ્યમી થાય છે તેથી ધર્મની અવગહાના કરે છે. ખરાબ અન્નથી પેટ ભરાતે છતે પણ તે ભસ્મક વ્યાધિવાળા દ્રમકની ક્ષુધા તૃપ્ત થતી નથી. પણ વૃદ્ધિ પામે છે. તેને વિષયોથી તુપ્તિ થતી નથી. વિપર્યાસપણાથી તે તુચ્છ ભોજનને ઉત્તમ માને છે અને મહાકલ્યાણરૂપ ચારિત્ર ભોજનનો સ્વાદ જાણતો નથી. વિષયોમાં લુબ્ધ એવો દ્રમક જેનો આદિ કે અંત નથી એવા સંસારરૂપી નગરમાં ભમતો થકો કદિ થાકતો નથી.

તે સંસારરૂપી નગરમાં ત્રણ લોકને જાણનારા તથા પ્રાણીઓના ઉપકારી એવા ભગવાન સુસ્થિત નામના રાજા સુખોથી મનોહર એવું રાજ્ય કરે છે. હવે તે દ્રમક ભમતો ભમતો પૂર્વે નથી જોયેલ શોભા જેની એવા શાસનરૂપ આ સુસ્થિત રાજાના ઘર પ્રતે આવ્યો. તેને પોતાના કર્મોના વિવરરૂપી કૃપાળુ પોલિસોએ તેમાં પ્રવેશ કરાવ્યો. ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાગાદિક દ્વારપાળો પણ અટકાવનારા છે પણ જે પોતાના કર્મોના વિવરરૂપ ક્ષયોપશમ નામે ત્યાં જે દ્વારપાળ છે, તે જ ગ્રંથિને ઉઘાડીને ખરેખરો પ્રવેશ કરાવનારો થાય છે. તે ક્ષયોપશમ નામે દ્વારપાળે દેખાડચાથી આ દ્રમકે સુસ્થિત મહારાજાનું જ્ઞાનાદિકની ઋદ્ધિવાળુ તથા ચારિત્રરૂપ ચંદરવાથી ઉલ્લાસ પામેલું પવિત્ર મંદિર જોયું. તે મંદિર સત્યતારૂપી તાંબુલથી ભરેલાં છે મુખો જેમનાં એવા લોકોથી તથા શાન્ત મુનિઓના પવિત્ર દર્શનરૂપી કપુરવાળુ. અઢાર હજાર શિલાંગરૂપી વિસ્તારયુક્ત પુષ્પોવાળું, ગુરૂકૃપારૂપી અગરના ધૂપવાળું, અત્યંત વિસ્તાર પામતી એવી ભાવનારૂપી કસ્તુરીવાળું, ધ્યાનરૂપી પુવારાઓની લહેરીઓવાળું તથા સમતારૂપથી ચંદનના લેપથી હણેલ છે તાપ જેણે એવું હતું. વળી ત્યાં દ્રમકે ગંભીરતા, ઉદારતા, ધીરજ તથા સ્મૃતિવાળા, હમેશાં આનંદવાળા, સજ્ઝાયોથી ગાયન કરતા, વૈયાવચ્ચની વિધિથી નૃત્ય કરતા જિનેશ્વર પ્રભુના જન્માભિષેક તથા યાત્રાદિકના હર્ષના સમૂહથી કુદતા વાદીઓને જીતવાથી ઉત્કૃષ્ટ સિંહનાદને દેખાડતા પર્વને દિવસે આનંદરૂપી મૃદંગને વગાડતા લોકોને જોયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાહ્ય અને અંતરથી સમતાવાળા અને તેજસ્વી એવા આચાર્યોરૂપી રાજાઓને જોયા. તથા ગૂઢ અર્થોને જાણનારા એવા ઉપાધ્યાયોરૂપી ઉત્તમ મંત્રીઓને પણ તેણે ત્યાં જોયા. વળી ત્યાં ગીતાર્થોરૂપી ઉત્તમ યોદ્ધાઓ હતા. નિશ્ચય ને વ્યવહારમાં ચતુર એવા ગણચિંતકોરૂપી દેખરેખ રાખનારા અને ગુર્વાજ્ઞાધારણ કરનારા મુનિઓરૂપી કોટવાળો હતા. સ્થવિરોરૂપી આર્ય લોકો અને પવિત્રશીલવાળી શ્રાવિકારૂપી સ્ત્રીઓ હતી. દેવગુરુની સેવા કરનારા શ્રાવકોરૂપી સુભટો હતા. પુણ્યાનુબંધી પુણ્યવાળાએ આ સુસ્થિત રાજાનું મંદિર જોયું છે. દ્રમક આ મંદિર જોઈને બહુ વિસ્મય પામ્યો પણ ઉન્માદપણાથી ઓળખી શકયો નહિ. છતાં તેને વિચાર આવ્યો કે ક્ષયોપશમ દ્વારપાળ મારો મોટો બંધુ છે કે જેણે મને આ સુસ્થિત રાજાનો મહેલ દેખાડ્યો એવી રીતે વિચારતા દ્રમકને સુસ્થિત રાજાએ જોયો, તે દ્રમક પર પડતી એવી સુસ્થિત રાજાની દૃષ્ટિને ધર્મનો બોધ કરનાર આચાર્યરૂપી રસોયાએ જોઈ.

તેણે વિચાર્યું કે જગતપ્રભુના દર્શનથી તો ત્રણે ભુવનોનું સ્વામીપણું થાય છે અને દ્રમક તો રંક

સરખો છે તો પણ તેની દષ્ટિમાં આનંદ છે અને ક્ષયોપશમરૂપી દ્વારપાળે પ્રવેશ કરાવ્યો છે એ બે હેતુથી તે ભદ્રિક ને ભવ્ય છે એમ વિચારી તે દ્રમકને ભિક્ષા આપવા બોલાવે છે અને કહે છે કે સુખના અર્થીએ ધર્મ કરવો અને અધર્મથી પાછા હઠવું. આ સાંભળી દ્રમકના અનાદિકાલના કુવાસનાથી ઉત્પન્ન થએલા ખોટા વિકલ્પો નાશ પામે છે. તેને વિટંબના કરનાર છોકરાઓ નાસી ગયા એટલે અન્ય મતની ઇચ્છા બંધ થતાં તે માર્ગ સન્મુખ થયો. આચાર્યરૂપી રસોયાએ કહ્યું કે : ધર્મ સંસાર-સમુદ્રમાં પડતા પ્રાણીનું રક્ષણ કરે છે. બંધુની માફક માર્ગે લાવે છે, મિત્રની જેમ હિતકારક ઉપદેશ આપે છે. માતાની જેમ પોષણ કરે છે. જિન-ધર્મની કૃપાથી જ મણિ સુવર્ણ અને રૂપાના ઢગલાઓ અને અપ્સરા જેવી સ્ત્રીઓ મળે છે, સ્વર્ગ અને મોક્ષનાં સુખ મળે છે. પછી તે દ્રમકને આચાર્યરૂપ રસોયાની દયા નામે દીકરી મહાકલ્યાણકારી પુષ્ટિ-કારક દૂધપાક દેવા માટે આવી છતાં દ્રમક તો વિચારવા લાગ્યો કે: આ રસોયો મને એકાંતમાં લઈ જઈ મારા ભિક્ષાનાં પાત્રને ફેંકી દેશે. એટલે મારૂં ધન સાતે ક્ષેત્રમાં વપરાવી દેશે, મારા સ્ત્રી પુત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વજનને તજાવીને દીક્ષા દેશે. એ વિચારથી તે ભય પામ્યો અને હું ઠગાયો એમ માનવા લાગ્યો અને દૂધપાક આપતી છોકરી તરફ જોતો પણ નથી.

રસોયાએ વિચાર્યું કે: આ દ્રમક ખરેખર ભિક્ષાને યોગ્ય નથી અથવા સખત તાપથી પીડાયેલ પ્રાણી પથ્ય ભોજન ખાવાને ઇચ્છતો નથી તેમ મિથ્યાત્વ-મોહ અને મૂર્છાથી જેની બુદ્ધિ વિપરીત થઈ છે તે ધર્મને ઇચ્છતો નથી. તેનો આ ભાવરોગ કાઢવા મારી પાસે ત્રણ ઔષધ છે. પહેલું ઔષધ નિર્મળ સ્વરૂપવાળું એવું જ્ઞાન છે કે સર્વપ્રકારના નેત્ર સંબંધી રોગોને હરનારૂં તથા દૂર રહેલા, આંતરાવાળા, સૂક્ષ્મ અને થઇ ગએલા એવા પદાર્થોને પ્રગટ કરવામાં સમર્થ છે. અને બીજું ઔષધ તીર્થોદક સરખુ ‘સમ્યકૃત્વ છે કે જે તત્ત્વો પ્રતે પ્રીતિ કરનારૂં સર્વ પ્રકારના રોગોને સૂક્ષ્મ કરનારૂં તથા ઉન્માદનો નાશ કરનારૂં છે. વળી ત્રીજું ઔષધ ચારિત્ર નામે છે કે જે મહાકલ્યાણકારી અને આ દૂધપાક રૂપજ અને અજરામરપણાના હેતુરૂપ ને સમસ્ત રોગોને હરનારૂં છે માટે હવે આ દ્રમકને આ ત્રણે ઔષધોથી હું રોગમાંથી અનુકંપાથી અને પરાણે પણ નિર્મુક્ત કરૂં એવી રીતે નિશ્ચય કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સળી લઈને તે સળીના અગ્ર ભાગ પર દિવ્ય અંજન રાખીને ડોકું ધુણાવતા એવા પણ તે દ્રમકની આંખો આંજી તેથી દ્રમકને ચેતના આવી. પ્રગટ રીતે તેની આંખો ઉઘડી. અને તેના સર્વ રોગો નાશ પામ્યા તેથી તે દ્રમક ખુશી પણ થયો. તો પણ પૂર્વના અભ્યાસથી પોતાની વિષયોરૂપી ભિક્ષાના રક્ષણનો વિચાર ગયો નહિ તેથી તે નાસી જવાની ઇચ્છાવાળો થયો. ત્યારે ગુરુ મહારાજ તેને કહે છે કે તું તત્ત્વોમાં પ્રીતિ કરનારૂં પાણી પી. દ્રમક તે પાણી પીવા ઇચ્છતો નથી. ત્યારે ગુરુ મહારાજે પરાણે પણ હિત કરવાની બુદ્ધિથી તેના મુખમાં સમ્યકૂત્વ રૂપ પાણી રેડયું. તેથી દ્રમકને તે સાંભળવાની ઇચ્છા થઈ. પછી આચાર્યરૂપી રસોયાએ ધર્મનું તત્ત્વ દરરોજ સમજાવવા માંડયું. સુખના કારણરૂપ ધર્મ છે અને દુઃખના કારણરૂપ અધર્મ છે. ધર્મથી અર્થ એટલે પૈસો અને કામ એટલે વિષયો ભોગવવા વગેરે પૌદ્ગલિક સુખો તેમજ આત્મિક સુખ એટલે મોક્ષ મળે છે. દ્રમકે કહ્યું કે : કામ અને અર્થની જેમ ધર્મ દૃષ્ટિથી કેમ દેખાતો નથી ? ગુરુએ કહ્યું કે તે ધર્મને વિવેકી પ્રાણી જોઈ શકે છે. પણ મોહાંધ પ્રાણી જોઈ શકતો નથી. હેતુ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વભાવ અને કાર્યના ભેદથી ધર્મ ત્રણ પ્રકારનો કહેલો છે. તેમાં જે ઉત્તમ અનુષ્ઠાન તે પ્રકટ રીતે હેતુધર્મ કહેવાય છે. સ્વભાવ ધર્મ બે પ્રકારનો છે સાશ્રવ અને નિરાસ્રવ. સાસ્રવધર્મ પુણ્યનો બંધ કરે છે. નિરાસ્રવધર્મ કર્મની નિર્જરા કરે છે. કર્મ આવતાં રોકે છે. આત્માના શુભ ભાવો (મન, વચન, કાયા એ ત્રણેના) તે કાર્યધર્મ છે. હેતુધર્મ બે પ્રકારનો છે. સમ્યકૃત્વ મૂળ બાર વ્રતવાળો ગૃહસ્થધર્મ તે દેશબિરતિ અને દશ પ્રકારનો યતિધર્મ તે સર્વવિરતિ.

દ્રમકે પૂછયું કે: આપે સમ્યકૃત્વ કહ્યું તે શું? મને તેની કંઈજ ખબર નથી. ગુરુએ કહ્યું કે: અંતરંગ શત્રુને હણનાર સર્વજ્ઞને દેવ માનવા તેમણે કહેલા જીવાજીવાદિ તત્ત્વોને સાચા માની સદ્દહવા, તેમણે કહેલા રત્નત્રયીરૂપ ધર્મ પ્રમાણે વર્તતા ગુરુ જ મારે વંદનીય છે. એવી રીતની જે બુદ્ધિ તે સમ્યકૃત્વ કહેવાય છે. તેના પાંચ દુષણ ટાળવા અને પાંચ લક્ષણ જાણવા. શંકા, કાંક્ષા, વિતિગિચ્છા, અન્ય દૃષ્ટિ પ્રશંસા અને પરિચય એ પાંચ દૂષણ છે. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા ને આસ્તિક્ય એ પાંચ લક્ષણ છે. એ પ્રમાણે ગુરુએ તીર્થોદક પાયું. તેથી તેનો મિથ્યાત્વરૂપ ઉન્માદ ઘણો નાશ પામ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુરુ પર પ્રીતિ જાગતાં તે રાગદ્વેષને શિથિલ કરે છે. રૌદ્રપણું ને મદાંધપણું છોડી સરળપણાને પ્રાપ્ત થાય છે, પોતાના દોષ જુએ છે. બીજાના ગુણ ગ્રહણ કરે છે. કુવિકલ્પો, શંકાઓ, ટાળી તત્ત્વમાં તત્ત્વબુદ્ધિ ધારણ કરે છે. ધન તથા સ્ત્રી આદિ કુટુંબને તજે છે છતાં વિષયો પ્રત્યેની આસક્તિ છોડતો નથી. ખરાબ ભોજન છોડતો નથી અને દૂધપાકને ગ્રહણ કરતો નથી. તે જોઈ ગુરુ ઠપકો આપી સારી રીતે સમજાવે છે કે આ જિનશાસન-રૂપી મહેલની બહાર ઘણા જીવો દુઃખી થયા થકા રહે છે. અને તેઓ પર અમારા સુસ્થિત રાજાની દૃષ્ટિ પડી નથી. તેથી તેઓ પ્રત્યે અમારો આદર પણ નથી. અને તું તો આ મહેલને જોઈ ખુશી થયો છું. તેથી અમારા રાજાને તું વલ્લભ છે તેથી જ અમે તારા પ્રત્યે દયાળુ થયા છીએ. માટે હે દ્રમક! હવે તું જ્ઞાનના ફલરૂપ વિરતી એવી ભિક્ષાને ગ્રહણ કર અને તુચ્છ ભોજનને છોડી મહા કલ્યાણક એવા દૂધપાકને ગ્રહણ કર.

દ્રમકે આચાર્યરૂપી રસોયાને કહ્યું કે : આપનું ભોજન રોજ થોડું થોડું લઈશ અને મારું તુચ્છ ભોજન પર મારો નિર્વાહ હોવાથી તે પણ રાખીશ.

આચાર્યરૂપી રસોયાએ વિચાર્યું કે કુપથ્યના ભોજનથી તેનો રોગ જશે નહિ માટે તેનો સદંતર ત્યાગ કરાવવા મારે રોજ સમજાવવું પડશે.

એમ વિચારી તેની શરત કાયમ રાખી રોજ સમજાવવાનું ચાલુ રાખ્યું. એટલે દેશવિરતિ ધર્મ આપ્યો. રસોયાની દીકરી તેને દૂધપાક રોજ આપવા છતાં જ્યારે તેનો રોગ જતો નથી ત્યારે રસોયાએ વિચાર્યું કે મારી દીકરીને બીજાં ઘણાં કામ હોવાથી કાયમ તેની પાસે રહેતી નથી તેના અભાવમાં દ્રમક ખરાબ ભોજન ખાઈલે છે. તો કાયમ રહે તેવી સદ્‌બુદ્ધિ નામની પરિચારિકા આપું એમ વિચારી દ્રમકને કહ્યું કેઃ તારે આ સદ્‌બુદ્ધિ કાયમ પાસે રાખવી. સદ્‌બુદ્ધિના સમીપપણાથી તે ખરાબ ભોજન ખાવામાં લજ્જા પામવા લાગ્યો. તેની તંદુરસ્તી વધવા લાગી એટલે દ્રમકે સદ્‌બુદ્ધિને પૂછયું કેઃ આ અકસ્માત ફેરફાર શું થયો? તેણીએ કહ્યું કેઃ ખરાબ ભોજનના ત્યાગથી તારો રોગ મટવા આવ્યો છે.

દ્રમકને થયું કે જો એમ છે તો હું મારૂં વિષયોરૂપી ભોજન તજી દઉં અને તદ્દન નિરોગી થઈ જાઉં. સદ્‌બુદ્ધિએ કહ્યું કે: તારે સર્વ સંગનો ત્યાગ કરવો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે કલ્યાણકારી છે પણ તે ત્યાગ વિવેક હોતે છતે તથા સ્નેહનો નાશ હોતે છતે ફલવાળો છે. જો તેમ નહિ થાય તે વિપરીત ફળ આપનારો થશે. સદ્‌બુદ્ધિના કહેવાથી દ્રમકનું મન જરા હિંચોળા ખાવા લાગ્યું. તેને દીક્ષા રાધાવેધ સાધવા જેવી ભારે લાગી. કુટુંબનું પોષણ કરવું વ્યાજબી લાગતાં તેણે સદ્‌બુદ્ધિને કહ્યું કે હું દીક્ષા પાળવા સમર્થ નથી અને દીક્ષા વિના સમસ્ત સુખનો લાભ પણ મળે નહિ તો મારે શું કરવું ?

પછી એક દિવસ સદ્‌બુદ્ધિ તેને આચાર્ય પાસે લઈ ગઈ. આચાર્ય મહારાજે તેનું યોગ્યપણું જાણી ખરાબ ભોજન તજાવ્યું. તેનું ભોજન છે કે જન્મ-પર્યંતની આલોયણારૂપી પાણીથી ધોઇને સાફ કર્યું. તેને પંચમહાવ્રત ઉચ્ચરાવી દીક્ષા આપી એટલે દૂધપાક ખવડાવ્યો. તે દિવસે જિનચૈત્ય અને સંઘની પૂજાનો મહોત્સવ વૃદ્ધિ પામ્યો, સદ્‌બુદ્ધિ હર્ષીત થઈ. આચાર્ય મહારાજ આનંદ પામ્યા. તેમની પુત્રી દયા ઉલ્લાસાયમાન થઈ અને સુસ્થિત રાજાનો સમસ્ત મહેલ પણ આનંદ પામ્યો.

દ્રમકને સુસ્થિત રાજાએ સમ્યક્ પ્રકારે જોયો, તેમના રસોયારૂપ આચાર્ય મહારાજે તેને પોતાનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કૃપાપાત્ર કર્યો અને તેમની દીકરી દયાએ વિધિ-પૂર્વક તેનું રક્ષણ કર્યું એવી રીતે તે દ્રમકનો પણ યશવાદ થયો. હવે દ્રમક નિષ્પુણ્યક મટીને પુણ્યશાળી બન્યો. મહેલમાં રહેલા દ્રમકને પ્રગટ પીડા થતી નથી પણ પૂર્વના દોષથી સૂક્ષ્મ પીડા થાય છે. એક દિવસ તે વનમાં ક્રીડા કરવા ગયો ત્યાં પરનિંદા ને સ્વપ્રશંસારૂપી વેલડીઓને જોઈ. તેની છાયામાં સૂતો અને જ્ઞાનાંજનાદિ ત્રણ ઔષધનો પ્રયત્ન છોડી દીધો. તેથી તેના ગાત્રને ઉન્માદ દુઃખ દેવા લાગ્યો. ભાવરોગ થયો.

આચાર્ય મહારાજે તેની નાડી તપાસી કહ્યું કેઃ તેં ઝેરી ફલનું ભક્ષણ કર્યું છે. અહંકારરૂપી ઝેરી ફલ ખાવાથી તને વિકાર થયો છે તે ચારિત્રરૂપ મનોહર ભોજન કરનારાઓ માટે અતિ દુઃખદાઈ છે. માટે આ રોગના ઇલાજરૂપ અતૃષ્ણા નામના પરમ વૈરાગ્યને તું સેવ. પછી તે ખેદ, ઉદ્વેગ, ભ્રાંતિ, ક્ષેપ, ઉત્થાન, અન્યમુહ, રૂજ, અને આસંગ એ આઠ પ્રકારના મનોથી મુક્ત થએલો અષ્ટાંગયોગને ધરનારો હમેશાં મદ, કામદેવ, મોહ, મત્સર, રોષ અને ખેદથી નહિ પરાભવ પામેલો શત્રુ-મિત્ર, તૃણ-મણિ, ઉચ્ચ-નીચ ને સરખા માનનારો ધર્મમાં સ્થિરા, કાંતા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રભા અને સ્પૃહા નામની યોગદષ્ટિને વિસ્તારતો ધર્મધ્યાનમાં રક્ત થએલો, શુકુલધ્યાનમાં એક રંગવાળુ થએલ છે મન જેનું-સંયમમાં લીન, એક આત્મસ્વરૂપમાં જ લીન થઈને પરપુદ્ગલ ભાવના પ્રબળ ને શૂન્ય જોતો એવો તે દ્રમક જીવતાં થકાં મોક્ષે ગયો હોય તેમ અલૌકિકસુખને અનુભવવા લાગ્યો.

આવી રીતે આચાર્ય મહારાજે કંગાળને મોટા રાજા સરખો બનાવ્યો. દ્રમક ગુરુ મહારાજે આપેલા ત્રણ ઔષધરૂપ રત્નત્રયીને સાધી મોક્ષની નજીક પહોંચી ગયો. આ પ્રમાણે જે ભવ્યજીવ વિષયોરૂપી ખરાબ ભોજનને છોડી મહા કલ્યાણક એવા ચારિત્ર-રૂપી દૂધપાકનું ભોજન કરે છે. તે સુખી થાય છે.

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## અનુસુંદર ચક્રવર્તિની કથા

પૂર્વ વિદેહક્ષેત્રની કચ્છ વિજયમાં ક્ષેમપુરી નામે નગરી છે. તેમાં યુગંધર નામે રાજાને નલિની નામે પટ્ટરાણી હતી. એક વખત તે પટ્ટરાણીએ ચૌદમહાસ્વપ્નથી સૂચિત પુત્રને જન્મ આપ્યો. પિતાએ તેનો જન્મોત્સવ ઉજવીને તેનું અનુસુંદર નામ પાડયું. કુમાર અવસ્થામાં તે સર્વ કળાઓ શીખીને યૌવન અવસ્થા પામ્યો. એટલે પિતાએ તેને યુવરાજપદે સ્થાપ્યો. કેટલોક કાળ વિત્યાબાદ યુગંધર રાજા મૃત્યુ પામ્યા અને નલિની રાણી પણ મૃત્યુ પામી. બાદ સામંતોએ અનુસુંદર રાજાનો રાજ્યાભિષેક કર્યો. પછી તેમના રાજ્યમાં ચક્રરત્ન ઉત્પન્ન થયું અને બાકીના તેર રત્નો પણ પ્રગટ થયા. તેમજ નવનિધાન પણ પ્રગટ થયાં. બત્રીસહજાર રાજાઓએ તેમનો બાર વર્ષ સુધી ચક્રવર્તિપણાનો રાજ્યાભિષેક કર્યો. તેમનું ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય હતું. ચોસઠ હજાર સ્ત્રીઓ સાથે ક્રીડા કરી આયુષ્યના પાછલા ભાગમાં તે ચક્રી દેશો જોવા નિકળ્યા.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ફરતા ફરતા તેઓ શંખપુર નગરમાં આવ્યા. ત્યાં કેટલાક રાજાઓ સહિત ત્યાંના ચિત્તરમ ઉદ્યાનમાં ફરવા લાગ્યા. હવે તે વિજયમાં હરિપુર નગરીનો પ્રખ્યાત ભીમરથ રાજાને સુભદ્રારાણીથી સમંતભદ્ર નામે પુત્ર અને બુદ્ધિશાળી મહાભદ્રા નામે પુત્રી હતી. સમંતભદ્રે માતાપિતાની રજા લઈને સુખોપમ ગુરુ પાસે દીક્ષા લીધી અને દ્વાદશાંગીનો જાણકાર થયો. ગુરુએ યોગ્ય જાણી તેને આચાર્યની પદવી આપી. મહાભદ્રા પણ કામ-દેવને ક્રીડા કરવાના વન સરખા યૌવનને પ્રાપ્ત થઈ. તેણીનું લગ્ન ગંધર્વપુરીના રાજા દિવાકૃત સાથે થયું. પણ તે રાજા મૃત્યુ પામતાં મહાભદ્રાને ગુરુએ પ્રતિબોધ કરવાથી તેણીએ દીક્ષા લીધી. અગ્યાર અંગ ભણવાથી ગુરુએ તેને પ્રવર્તિની પદવી આપી. મહાભદ્રા સાધ્વીઓ સાથે વિહાર કરતી રત્નપુર આવી.

તે નગરીમાં મગધસેન રાજાને સુમંગલા રાણીથી સુલલિતા નામે પુરૂષ દ્વેષિણી પુત્રી થઇ. તેણીના માતા પિતા તેના વરની ચિંતા કરતાં હતાં. તેવામાં મહાભદ્રા સાધ્વીને આવેલાં જોઈ તેઓ આનંદ પામ્યા. માતા પિતા તેણીને લઇ મહાભદ્રા સાધ્વી

પાસે ઉપાશ્રયમાં આવ્યા. મહાભદ્રાએ ધર્મલાભ આપીને દેશના આપી. મહાભદ્રાનું વચન સુલલિતા સમજતી નહોતી છતાં પૂર્વના અભ્યાસથી તેણીએ અભિગ્રહ લીધો કે હું મહાભદ્રા વિના રહીશ નહિ. માતા પિતાએ તેનું વચન માની કહ્યું કે: અમને પુછયા વિના તારે દીક્ષા લેવી નહિ. પછી સુલલિતા મહાભદ્રા સાધ્વી સાથે વિહાર કરવા લાગી. પણ કર્મના ઉદયથી તેને બોધ લાગતો નથી. વિહાર કરતાં શંખપુર આવી, નંદ નામે શેઠની ધર્મશાળામાં રહી. ત્યાં શ્રીગર્ભરાજાની નલિની નામે સ્ત્રીને સંતાન પ્રાપ્તિ માટે ઘણા ઉપાય કરતાં એક પુત્ર થયો. રાણીએ સ્વપ્નમાં પોતાના મુખમાં કોઈ ઉત્તમ પુરૂષને પ્રવેશ કરીને પાછો નીકળી કોઈ પુરૂષની સાથે ચાલ્યો જતો જોયો. તેણીએ સ્વપ્નની વાત પોતાના પતિને કહી. પતિએ કહ્યું કે: તને પુત્ર થશે પણ ગુરુ પાસે જઇને દીક્ષા લેશે. તે સાંભળી રાણી હર્ષ પામી. ત્રીજે મહીને રાણીને શુભકાર્યનો દોહદ ઉત્પન્ન થતાં તે રાજાએ પૂર્યો. પુત્રનો જન્મ થતાં તેનો જન્મોત્સવ ઉજવી તેનું પુંડરીક એવું નામ પાડયું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સમયે જેમને કેવળજ્ઞાન થયું છે એવા સમંતભદ્રાચાર્ય તે નગરીના ચિત્રરમ નામના ઉદ્યાનમાં સમોસર્યા. મહાભદ્રા સાધ્વી સુલલિતાને કહ્યા વિના કેવળીને વંદન કરવા ગઈ. ત્યાં કોઇકિ પ્રસંગે શ્રી ગર્ભરાજાના પુત્રની વાત નીકળતાં કેવળીએ કહ્યું: તે રાજપુત્ર ઘરમાં નહિ રહેતાં દીક્ષા લઇને ગીતાર્થ બનશે. આ સાંભળી ખુશી થએલી મહાભદ્રા સાધ્વી ઉપાશ્રયે ગઈ.

આ તરફ કુતુહલમાં તત્પર એવી સુલલિતા પણ ઉદ્યાનમાં આવી. આચાર્યને જોઇ તેમને વંદન કરી દેશના સાંભળવા બેઠી. કેવળીએ રાજપુત્રના ગુણોનું વર્ણન કરતાં કહ્યું: કર્મ પરિણામ રાજાની કાળ પરિણતિ સ્ત્રીથી આ પુરૂષ મનુષ્યગતિરૂપી નગરીમાં ઉત્પન્ન થયો છે. તે ભવ્ય પુરૂષનું સુમતિ નામ પણ સુંદર છે. તે સાંભળી લોકો ખુશી થયા પણ સુલલિતા વિચાર કરવા લાગી કે રાજપુત્રના સંબંધમાં તેના માતા પિતા અને તેના નામનો ભેદ કેમ પડ્યો. અને આ ગુરુ મહારાજ ભવિષ્યકાળની વાત કેમ જાણે છે એવી શંકાવાળી તે સુલલિતાએ ઉપાશ્રયમાં જઈ મહાભદ્રા સાધ્વીને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૃછયું : ત્યારે તેણીને મુગ્ધ જાણીને વિસ્તારથી તે રાજકુમારનું ચરિત્ર કહેવા માંડયું.

મનુષ્યગતિ નામે મનોહર નગરી છે તેને ફરતો માનુષોત્તર પર્વતરૂપી કોટ છે. વર્ષધરરૂપી ખાઇઓ છે. ભરતક્ષેત્રાદિ પોળો છે. મહાવિદેહક્ષેત્રરૂપી બજાર છે. વિજયરૂપી દુકાનો છે. લવણ ને કાળોદધિ સમુદ્રરૂપી રાજમાર્ગો છે. જંબુ ધાતકી અને અર્ધ-પુષ્કર રૂપી ત્રણ પાડાઓના સમૂહો છે. તે નગરી મહાન પુરૂષોરૂપી રત્નની ખાણ છે. તે નગરીમાં કર્મ-પરિણામ રાજા રાજ્ય કરે છે. તે દુષ્ટ રાજા હમેશાં ક્રીડા પ્રિય હોવાથી જીવોને નચાવે છે. નારકી આદિના રૂપથી નાચતા વેદનાતુર રડતા પ્રાણીઓને જોઈ હર્ષ પામે છે. રાગદ્વેષરૂપી ઢોલવાળા, ખોટી ભાવનારૂપી ડાંડીથી મદયુક્ત થએલા, મહામોહરૂપી સૂત્રધારવાળા, ક્રોધમાનાદિક ગવૈયાવાળા, આનંદ-કારક ભાગોના વિસ્તારરૂપી નાંદી અને મંગળપાઠક વાળા, કામદેવરૂપી વિદુષકવાળા, જુદી જુદી લેશ્યાઓ રૂપી વેશોથી વિલાસ કરતાં છે પાત્રમંડલો જેમાં, યોનિ નામના પાત્રોને પ્રવેશ કરવાના દ્વારરૂપી પડદાના વ્યવધાનવાળા– દીનતારૂપી ઘુઘરીઓના શબ્દોથી ખોટી સંજ્ઞારૂપી કાંક્ષીજોડાથી લુચ્ચાઇ-

રૂપી મોટા તાલોથી, મત્સરરૂપી રંગરાગોથી દુષ્ટ ધ્યાનોરૂપી અભિનયોથી, તત્ત્વોના નાશરૂપી પુદડીઓથી, યથાર્થ અર્થોના નાશરૂપી પ્રગટ કટાક્ષોથી ચિત્તની સંકોચતારૂપી મંડપોથી, વિવિધ પ્રકારના આશ્રવોરૂપી ચંદરવાઓથી, લોકાકાશરૂપી રંગમંડપમાં કરેલ છે આશ્ચર્ય જેણે એવા તથા પુદ્ગલોના સમૂહના સંબંધરૂપી બાકીના સરસામાનવાળા એવી રીતના નાટકને લોકો પાસે કરાવતો થકો રાજા ક્રિડાને અનુભવે છે.

તે રાજાને અગ્નિને જેમ સ્વાહા તેમ નિયતિ આદિકના અતિશયવાળી કાળ પરિણતિ નામની રાણી હતી. વિષમ કાર્યમાં પૂછવા લાયક એવી તે સ્ત્રી મહાદેવની પાર્વતીની જેમ અર્ધ શરીરને અધિષ્ઠિત થએલી તેની તે ચિત્તવૃત્તિ સરખી હતી. તે મદોન્મત્ત રાણી સ્પૃહા સહિત ભર્તારની સમીપ એવો હુકમ કરે છે કે યોનિરૂપી પડદાને તજીને પાત્રોએ બહાર આવવું, રડતા છાના રહીને માતાનું સ્તનપાન કરવું, ધુળમાં લોટવું, પગે ચાલતાં શીખવું, વિષ્ઠા અને મૂત્રથી વારંવાર મલીન થવું, કુમાર અવસ્થામાં ભણવું, તરૂણાવસ્થામાં સ્ત્રીઓ ભોગવવી, ઘડપણમાં કરચલી અને શ્વેતવાળોથી

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

નિંદનીય થવું, વળી ફરીને યોનિમાં જવું, પાછું ફરીને ત્યાંથી નિકળવું એમ હુકમ કરીને પોતાનું ઇચ્છિત કરનારી તે રાણી લોકોરૂપી પાત્રોને અનંતવાર વિડંબના પમાડે છે. એવી રીતે તેઓ બંને સ્ત્રી ભરતારના દિવસો સુખે જાય છે.

એક દહાડો રાણીએ રાજાને ગુપ્ત રીતે કહ્યું કેઃ હે સ્વામી! હું એક પુત્રની ઇચ્છા કરૂં છું. બાકી તો મને સંપૂર્ણ છે. ત્યારે તેણે કહ્યું: આપણા બન્નેના એક અભિપ્રાયથી તે કાર્ય સિદ્ધ થયું જ છે. એવી રીતની ભર્તારની વાણીથી તે રાણી ખુશ થઈ. હવે એક દહાડો તેણીએ મુખમાં પ્રવેશ કરેલા અને જઠરથી નિકળેલા સુંદર આકૃતિવાળા પુરૂષને જોયો. અને તેને કોઈક મિત્ર લઈ ગયો. એવી રીતના હર્ષ અને શોકને ભજતી તે સંધ્યાના જેવી થઈ. તે સ્વપ્ન તેણીએ ભર્તારને કહ્યું. તેણે કહ્યું કેઃ તને ઉત્તમ પુત્ર થશે પણ તે ઘણો વખત ઘરમાં નહિ રહેતાં ધર્માચાર્યના વચનથી પ્રતિબોધ પામીને આત્માર્થ સાધશે.

પૂર્ણ થએલા શુભ દોહલાવાળી તે રાણીએ પુત્રને જન્મ આપ્યો. પિતાએ સ્વપ્નને અનુસારે તેનું ભવ્ય નામ પાડયું. માતાએ દોહલાને અનુ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સારે તેનું સુમતિ એવું બીજું નામ પાડયું અને તે યોગ દક્ષિણાવર્ત શંખ પ્રતે દૂધ સરખો થયો.

મહાભદ્રા સુલલિતાને કહે છે કે હે ભદ્રે! તેઓનો આ પુંડરીક નામનો પુત્ર વર્ણવાય છે. કારણ કે તે રાજા રાણી તત્ત્વથી જગતના માતા પિતા છે. આ ભાવાર્થને નહિ જાણતી સુલલિતા ફરી કહેવા લાગી કે: હે આર્યા! બીજ વિનાના તથા વંધ્ય એવા તેઓને પુત્ર શી રીતે થયો? સાધ્વીએ કહ્યું કે: હે મુગ્ધે! તું તત્ત્વોથી અજાણી છે માટે પરમાર્થ સાંભળ. આ બન્ને તત્ત્વથી તો અનંત સંતાનવાળા છે, છતાં અવિવેકાદિક દષ્ટિદોષની શંકાવાળા મંત્રીઓએ તેમને સંતાન રહિત જણાવેલ છે. આ જ નગરમાં સદાગમ નામે મારા ધર્માચાર્ય છે તે મહાશય તેમનું સર્વ રહસ્ય જાણે છે. હર્ષમાં આવેલ તેમને મેં હર્ષનું કારણ પૂછતાં તેમણે કહ્યું: કાળ પરિણતિ રાણીએ ગુપ્ત રીતે રાજાને વિનંતી કરી કે આપણો વંધ્યપણાનો અપયશ તમે દૂર કરો. રાણીનું તે વચન હિતકારી હોવાથી રાજાએ સ્વિકાર્યું અને સર્વ લોકોની સમક્ષ પુત્ર જન્મ પ્રકાશિત કર્યો, તે આ ભવ્ય પુરૂષ મને વહાલો છે. માટે હે બુદ્ધિમતિ! હું ખુશ થાઉં છું: મેં કહ્યું હે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂજ્ય ! આપનો તે હર્ષ યોગ્ય છે. આથી કરીને હે સુલલિતા ! અનુકૂલ રાજા રાણીનો પ્રસિદ્ધ પુત્ર આ પુંડરીક ઉત્તમ પાત્ર છે.

હવે સુલલિતાએ કહ્યું કે હે પૂજ્યે ! ગુરુએ કહેલા અર્થને સમર્થન કરતી એવી તમે મારો પહેલો સંશય તો ટાળ્યો. પણ તે સદાગમ ભવિષ્યકાળની વાત કેમ જાણે છે ? તે સંદેહ પણ ટાળો ! મહાભદ્રાએ કહ્યું કે : હે ભદ્રે ! જેને તેં જોયા છે તે સદાગમ નામે ધર્મોપદેશક પુરૂષ છે. તે જગતના સર્વ પદાર્થોને હાથમાં રહેલા આમળાની પેઠે જાણે છે અને પરનું કાર્ય કરવાનું તેને વ્યસન છે. બીજા જ્ઞાનવાળા ચાર પુરૂષો અહિં છે પણ પરને બોધવા સમર્થ નથી.

પછી સુલલિતાએ કહ્યું કે : આ રાજપુત્ર સદાગમને કેમ વહાલો છે ? સાધ્વીએ કહ્યું કે : તે સ્વભાવથી પરોપકારમાં તત્પર છે. પાપીષ્ટ પ્રાણીઓ સદાગમ ઉપર દ્વેષ કરે છે. કેટલાંક હાંસી કરે છે, કેટલાક ઉપેક્ષા કરે છે, કેટલાક તેમનું કહેલું કરવાને અશક્તિ જણાવે છે. કેટલાક તેમને ઠગારા માને છે, કેટલાક મૂર્ખ તેમનું વચન જાણી શકતા નથી. કેટલાક જાણે છે તો શ્રદ્ધા કરતા નથી, કેટલાક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આદર કરે છે. આ તો ભવ્ય પુરૂષ સુમતિ હોવાથી તેના પર સદાગમ તુષ્ટમાન થએલા છે. સુલલિતાએ કહ્યું કે: જો તે સદાગમ પાપીષ્ટોને બોધ કરતા નથી, તો તેમની શક્તિ શું કામની? સાધ્વીએ કહ્યું કે: જે કર્મ પરિણામ રાજા ઇન્દ્રોથી દુર્જય છે. તેને હુંકારથી નસાડીને તેના મસ્તક પર પગ મૂકીને તે સદાગમ ઘણા લોકોને ઠેકાણે પાડે છે. પરંતુ કુપાત્રો પ્રતે તેની ઉપેક્ષા છે. ભદ્રક હોય તે સદાગમને વહાલા થાય છે. તેનું મહાત્મ્ય તો કોઈ વર્ણવવાને સમર્થ નથી.

સુલલિતાએ કહ્યું કે: એવું હોય તો મારા ઉદ્ધાર માટે મને તેમનાં દર્શન કરાવો. પછી તે બન્ને ત્યાં ગયાં ને સદાગમને જોયા. તેથી સુલલિતાની શંકા નષ્ટ થઈ. હવે વિહાર કરતા સદાગમે મહાભદ્રાને કહ્યું કે: તારે અહિં રહી રાજપુત્રને બાળપણાથી જ સ્નેહિ કરવો. એટલે તે મારે વશ થશે. મહાભદ્રાએ તેમનું વચન સ્વિકારી રાજપુત્રની માતાના મનને વશ કરી રાજપુત્રનું લાલનપાલન કર્યું. ફરી સદાગમ આવ્યા ત્યારે મહાભદ્રા રાજકુમારને તેમની પાસે લઈ ગઈ. સદાગમને જોઈ રાજકુમારને બહુ હર્ષ થયો. તેમની પાસે ભણવાનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મન થતાં તેણે સાધ્વીને જણાવ્યું. મહાભદ્રાએ તેના માતા પિતાની આજ્ઞા લઈ સદાગમ પાસે ભણવા મૂકયો. એક દિવસ ભવ્ય સુમતિપુંડરીક અને મહાભદ્રા સાધ્વી તેમજ સુલલિતા સમંતભદ્રાચાર્ય સદાગમની વાણી સાંભળે છે. એટલામાં ચક્રીના સૈન્યનો મોટો કોલાહલ સંભળાવાથી પર્ષદા આશ્ચર્યચકિત બની. સુલલિતાએ મહાભદ્રાને પૂછયું કે : આ શું છે ? તેણીએ કહ્યું કે : હું જાણતી નથી પણ સદાગમ મહારાજ જાણે છે. એટલે સુલલિતા અને પુંડરીકને બોધ થવા માટે સદાગમ મહારાજા રૂપક ગૂઢાર્થ કહેવા લાગ્યા.

હે મહાભદ્રે ! તને ખબર નથી કે આ મનુષ્યગતિ નામે પ્રખ્યાત નગરી છે. તેમાં મહાવિદેહરૂપી વિસ્તારવાળી બજાર છે. અહિં સંસારી જીવ નામના ચોરને ક્રુર આશયોવાળા કોટવાળોએ મુદ્દામાલ સહિત કર્મપરિણામ નામના રાજાની નજરે ઉભો કર્યો છે. તે રાજાએ સ્ત્રી અને બાંધવોને પૂછીને તેને મારી નાખવા હુકમ કર્યો છે. તે આ સંસારી જીવ મહાન કોલાહલોવાળા રાજપુરૂષોથી વીંટાયો છે. બજારમાંથી નગર બહાર કાઢીને વધ સ્થાનક પર લઈ જઈને પાપીઓના પાંજરામાં તેને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારી નાખશે. તેનો આ કોલાહલ સંભળાય છે.

તે સાંભળીને સુલલિતા આશ્ચર્ય પામી. મહાભદ્રાને કહેવા લાગી કે, આ તો મનુષ્યગતિ નામે નગરી નથી પણ શંખપુર નગર છે. બજાર નથી પણ ઉદ્યાન છે. અહિં કર્મ પરિણામ રાજા નથી પણ રાજા તો શ્રીગર્ભ છે. તો ભગંવાન આવું સંબંધ વિનાનું કેમ બોલે છે? સદાગમ મહારાજે કહ્યું કેઃ હે ભદ્રે! તું મારી વાણીનો પરમાર્થ જાણતી નથી માટે તું અગ્રહિત સંકેતા છે. સુલલિતાએ વિચાર્યું કે મહારાજે મારૂં પણ બીજું નામ કર્યું. એમ વિચારી વિસ્મિત થઇ, ત્યારે મહાભદ્રા તેને તત્ત્વ જણાવવા લાગી. અનુસુંદર ચક્રીને મહારાજે મહાપાપી કહ્યો ત્યારે મહાભદ્રાને તેના પર દયા આવવાથી ભગવાને પૂછ્યું કેઃ આનો મોક્ષ કેમ થાય? ભગવાને કહ્યું કેઃ અમારાં દર્શન તથા આશ્રયથી તેનો મોક્ષ થાય. મહાભદ્રાએ કહ્યું કે હે ભગવન્! ત્યારે હું તેને કહેવા જાઉં. મહારાજે કહ્યું કેઃ તુરત જા. આ પ્રયાસ સફળ છે.

હવે તે દયાથી અનુસુંદર ચક્રી પાસે ગયા. તેને મહારાજના કહેવા મુજબ છેક ફળ સુધીની ચોરીની વાત કહી. તે મહાભદ્રાના દર્શનથી ચક્રી બોધ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પામ્યો, અને પોતાની આંતરિક ચોરી જાણીને હૃદયમાં બહુ ડર્યો. ત્યારે મહાભદ્રાએ તેને કહ્યું કેઃ ભગવાન સદાગમનું તું શરણું લે તો તને ભય થશે નહિ. પછી પ્રભુએ કહેલી ચોરી લોકોને જણાવવા માટે ચક્રીએ વૈક્રિયલબ્ધિથી પોતાનું ચોરનું રૂપ કર્યું. તે ભસ્મ ચોળેલા શરીરવાળો, ગેરૂના હાથા દીધેલો, ઘાસની મેશના સમૂહથી વ્યાપ્ત, કરેણની માળાઓથી વિંટાએલો, શરાવલાંની માળાથી કદરૂપો, જીર્ણવસ્ત્રના ટુકડાવાળો, ગળામાં લટકાવેલ મુદ્દા માલવાળો, ભયભીત ગધેડે ચઢેલો, ખોટા આશયોવાળા રાજપુરૂષોથી વીંટાએલો, કંપતો અને ગભરાએલો ચોર સદાગમ મહારાજા પાસે આવ્યો. ને પૃથ્વીતળ પર પડચો.

ચૈતન્ય મેળવીને તે સદાગમને કહેવા લાગ્યો કેઃ હે નાથ! ડરેલા એવા મારૂં આપ રક્ષણ કરો. સદાગમે આશ્વાસન આપતાં ચોરે તેમનું શરણું સ્વિકાર્યું. પછી સદાગમના ડરથી રાજપુરૂષો પાછે પગે ખસી ગયા. સુલલિતાએ તેને પૂછયું કેઃ રાજપુરૂષોએ તને શા માટે પકડ્યો હતો? તેણે કહ્યું: તે કહેવાથી સર્યું સદાગમ મહારાજ બધું જાણે છે. સદાગમે ચોરને કહ્યું કે, હે ભદ્ર! આ સુલલિતાને

મોટું આશ્ચર્ય છે તે દૂર કરવા તું કહે તેમાં તને કંઈ નુકશાન નથી. ચોરે કહ્યું કેઃ ગુરુ આજ્ઞા પ્રમાણ છે. પણ આ લોકોની સમક્ષ મારી વિડંબના કહેવા હું શક્તિમાન નથી. સદાગમનો સંકેત જાણી પર્ષદા દૂર ગઈ. ફક્ત મહારાજના વચનથી મહાભદ્રા અને પુંડરીક ત્યાં રહ્યા. હવે સુલલિતાને ઉદ્દેશીને તે ચોરની પાસે અનુસુંદર ચક્રી ચોરરૂપે પ્રગટ કહેવા લાગ્યો કેઃ મારી બધી અથથી ઇતિ સુધીની વાત સાવધાનપણે સાંભળો ! આ લોકમાં અનાદિ અનંત સમયની સ્થિતિવાળું તથા અનંતજીવોરૂપી માણસોથી ભરેલું અવ્યવહાર રાશિ નામનું પ્રખ્યાત નગર છે. ત્યાં કર્મપરિણામ રાજાની પાસે અનાદિનિગોદ નામના કુલપુત્રો અજ્ઞાનને કારણે વસે છે. મહા અજ્ઞાન નામે સેનાપતિ તથા તીવ્ર મોહનામે મહત્તમ એવા, તે રાજાના સંબંધીઓ ત્યાં નિશ્ચે હમેશાં વસે છે. તે નગરમાં જે લોકો છે તે સર્વેને તેઓએ રાજાની આજ્ઞાથી નિંદ્રિત, મૂછિત તથા મત્તની પેઠે શૂન્ય કર્યા છે. નિગોદ નામે કોટડીમાં રહેલા એવા તેઓ સર્વ જાણે મૃત્યુ પામ્યા હોય નહિ તેમ બોલતા નથી, ચેષ્ટા કરતા નથી તથા છેદન-ભેદનને પણ જાણતા નથી. વળી તેઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજો કોઈ પણ વ્યવહાર કરતા નથી તેથી પંડિતો તે નગરને અવ્યવહાર રાશિ કહે છે.

તે નગરમાં રહેનારો હું કુટુંબિ સંસારી જીવ હતો. એક દિવસ સેનાપતિ ને મહત્તમ સભામાં બેઠા હતા તેટલામાં ત્યાં અનાદિ વિચિત્રતા નામની પ્રતિહારી આવીને હાથ જોડી કહેવા લાગી કે, કર્મ-પરિણામ રાજાએ તુરત મોકલેલો વ્યવહાર નિયોગ નામે દૂત બારણે ઉભો છે. આપની આજ્ઞા હોય તો પ્રવેશ કરાવું? આજ્ઞા મળવાથી તે દૂત આવી તેઓને નમસ્કાર કરી ઉભો રહ્યો. તેઓએ આસન આપી પૂછ્યું કે: સ્વામી! ખુશીમાં છે? તને અહિં કેમ મોકલ્યો છે? તેણે કહ્યું કે: આપણા સ્વામીની અચિંત્ય મહિમાવાળી તથા અવિનશ્વર લોકસ્થિતિ નામની બ્હેન જયવંતી વર્તે છે, આપણા સ્વામીએ તેને કહ્યું કે દુઃખે કરીને નાશ કરી શકાય એવો અમારો સદાગમ નામે હંમેશનો શત્રુ છે. તે અમારા લશ્કરને હણીને કેટલાકોને મોક્ષમાં લઈ જાય છે. એમ આપણા લોકોનો નાશ થવાથી આપણો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અપયશ થશે માટે હે લોકસ્થિતિ બ્હેન તારે એવું કરવું કે મારા તાબામાંથી જેટલા જીવ મોક્ષે જાય તેટલા જ તારે અવ્યવહાર રાશિમાંથી કાઢવા કે જેથી તોટો પડે નહિ.

હમણાં જ સદાગમે કેટલાકોને મોક્ષમાં મોકલેલા તેણીએ જોયા છે. માટે તેટલા જીવો લાવવા માટે તેણીએ વેગથી મને મોકલ્યો છે. તેણીનું વચન માની દૂતને તેઓએ અવ્યવહાર રાશિનું પ્રમાણ બતાવી કહ્યું કે : સદાગમ શું હાનિ કરવાવાળો હતો ? આટલા બધા વખતમાં પણ સદાગમે જેટલાઓને મોક્ષમાં મોકલ્યા છે તેનો આ એક નિગોદ નામે ઓરડાના અનંતમે ભાગે પણ નથી. આવા તો અસંખ્ય ઘર અહિં જીવોથી ભરેલા છે. તુલ્ય જીવિત મૃત્યુવાળા તથા તુલ્ય આહારનિહાર અને શ્વાસોચ્છવાસવાળા જીવોની સંખ્યા પૂરવા અસમર્થ એવા તેઓ બન્ને એક બીજાનું મુખ જોતાં ચિંતાથી વ્યાકુળ થતાં સાક્ષાત સુભટ તુલ્ય મારી ભવિતવ્યતા નામે સ્ત્રીને પુછતાં તેણીએ કહ્યું કે : મારો ભર્તાર અને બીજા પણ તેવાઓ મોકલવા લાયક છે. તેઓએ કહ્યું કે: તું આ કાર્ય કર. પછી તેણીએ મને અને મારા સરખા બીજાઓને ત્યાંથી રવાના કર્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભવિતવ્યતા, મને એકેન્દ્રિય નગરમાં લઈ ગઈ ત્યાં પાંચ મોટા પાડામાંથી તીવ્ર મોહ નામનો પાડો બતાવી મને કહ્યું કે તું આ જ પાડામાં રહે. આ પાડો ગોલા નિગોદ મનુષ્ય વગેરેથી અવ્યવહાર રાશિ જેવો જ લગભગ છે. ત્યાં મૂર્છિત થઈને હું અનંતકાળ રહ્યો. પછી ભવિતવ્યતા મને પ્રત્યેક વનસ્પતિમાં લાવી, ત્યાં અસંખ્યકાળ રાખ્યો. ત્યાં તેણીએ મને વિવિધ આકાર કરનારી ગુટીકાઓ આપી. એકેન્દ્રિયમાં તે ગુટીકાથી મને પર્યાપ્તો, અપર્યાપ્તો, સૂક્ષ્મ, બાદર, સાધારણ, પ્રત્યેક, ફળ, ફુલ, અંકુરા, મૂળ, છાલ, સ્કંધ, શાખા, બીજ અને લતારૂપ કર્યો. તેવી દશાવાળા મને લોકોએ છેદ્યો, ભેદ્યો, કાપ્યો, પીલ્યો. પણ ભવિતવ્યતાએ મારી ઉપેક્ષા કરી, છેલ્લી ગુટીકા ખલાસ થતાં તે મને પૃથ્વીકાયમાં લઈ ગઈ. ત્યાં હું અસંખ્યકાળ રહ્યો. એવી જ રીતે અપકાય, તેઉકાય, ને વાયુકાયમાં મૂકયો ત્યાં અનેક જન્મ મરણ કર્યાં પછી તેણી મને વિકલેન્દ્રિય નિવાસમાં લઈ ગઈ, ત્યાં ત્રણે પાડામાં કર્મપરિણામ રાજાએ સ્થાપેલો અને માયા પરિણતિ નામે સ્ત્રીવાળો શલ્ય સંપર્ક નામે અધિ-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કારી હતો. મારી સ્ત્રીએ મને બેઇન્દ્રિય પાડામાં જરા ચૈતન્યવાળો અપવિત્ર કૃમિરૂપે કર્યો. વિષ્ટામાં કૃમિરૂપે લોટતા એવા મને જોઇને તે દુર્ભગ સ્ત્રી હર્ષ પામે છે. ગુટીકાના પ્રભાવથી મને જળોરુપ બનાવી રોગીનું લોહી ચુસવાનું કાર્ય કરાવ્યું, શંખ બનાવી, શંખવાળાઓએ મને છેદ્યો ને બહુ દુઃખી કર્યો. સાત ક્રોડ લાખ કુલોમાં રહ્યો. અસંખ્ય રૂપોથી રડતો થકો હું બહુ ભમ્યો.

પછી મને બીજી ગોળી આપી તેઇન્દ્રિય પાડામાં લઇ ગઇ. ત્યાં અસંખ્ય રૂપોથી ભમાવ્યો. ત્યાં આઠ ક્રોડ લાખ કુલોમાં જુદા જુદા લોકોએ કીડી આદિના રૂપથી પીલ્યો, બાળ્યો અને મર્દિત કર્યો. ત્યાંથી ગોળી આપી મને ચૌરેન્દ્રિય પાડામાં મૂકયો. ત્યાં નવ ક્રોડ લાખ કુલોમાં હું બહુ દુઃખી થયો. પતંગ, માંખી, ડાંસ તથા વીંછીનું રૂપ આપી હેરાન કર્યો પછી મારી સ્ત્રી મારા પર પ્રસન્ન થઇ મને પંચેન્દ્રિય પશુસ્થાનમાં લઇ ગઇ. ત્યાં સાડા ત્રેપન ક્રોડ લાખ કુલોમાં જળચર–સ્થળચર ને ખેચર, સંમૂર્છિમને ગર્ભજ રૂપે ભમાવ્યો. દેડકા અને મત્સ્યરૂપે માછીમારોએ મને છેદ્યો–ભેદ્યો તથા બાળ્યો. સસલા, ભુંડ ને હરણરૂપે પારધીઓથી

પિડાયો તથા ચંદનઘો, સર્પ અને નોળીઆરૂપે પરસ્પર ભક્ષણથી દુઃખી થયો. કાગડા અને ઘુવડ-રૂપે ઘણું દુઃખ સહન કર્યું. એક દિવસ હું મૃગ થઈને યુથ મધ્યે સુખે રહ્યો હતો ત્યાં રાગમાં લીન થવાથી પારધીના બાણથી મૃત્યુ પામ્યો. પછી હાથી થયો ત્યાં હાથીણીઓના સમૂહ સાથે સુખે રહ્યો. દવ લાગતાં હું ઉતાવળથી દોડીને કૂવામાં પડયો, અને તીવ્ર દુઃખ પામ્યો. મેં ત્યાં સાત રાત્રી સુધી પીડા ભોગવી.

મારા શુભ ભાવથી મારી સ્ત્રી ભવિતવ્યતા ખુશ થઈ મને એક સુંદર પુરૂષ દેખાડયો. મને કહ્યું કે, આ પુણ્યોદય પુરૂષ તને મદદગાર તરીકે આપ્યો છે. પૂર્વે આપેલી ગોળી ખલાસ થતાં બીજી ગોળી આપી. એવી રીતે અનુસુંદરે પોતાના પૂર્વ ભવોનું વર્ણન કરવા છતાં પુંડરીક નામના ભવ્ય સુમતિએ શંકા લાવીને મહાભદ્રાને કહ્યું કે "હું આ સઘળો ભાવાર્થ સમજી શકયો નથી. ત્યારે તેણીએ પણ સામાન્ય પ્રકારે તેનો પ્રગટ અર્થ કહી દેખાડયો. જે સુબુદ્ધિ માણસ તેને દ્રવ્યપર્યાય રૂપે જાણે છે તેને યશની લક્ષ્મી વરે છે.

હવે સંસારી જીવ મનુષ્યપણામાં આવી શું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શું કરે છે તેનું વર્ણન અનુસુંદર ચક્રી સુલલિતાને ઉદ્દેશી કહે છે.

વિશાલ એવી મનુષ્યગતિ નગરીના ભરત નામે પાડામાં જય સ્થળ નામે નગર છે. તેમાં પદ્મરાજા રાજ્ય કરે છે. તેની નંદા નામે પટ્ટરાણીની કુક્ષીમાં ભવિતવ્યતા નામે મારી સ્ત્રીએ મને મૂકયો. અવસરે મારો જન્મ થતાં નંદા આનંદ પામી. ચાકરે વધામણી આપતાં રાજાએ ખુશી થઇને તેને ઘણું ધન આપ્યું. મારો જન્મોત્સવ ઉજવી મારૂં નંદિવર્ધન નામ પાડયું. ધાત્રીઓથી લાલન-પાલન કરાતો હું ત્રણ વર્ષનો થયો.

હવે અંતઃપુરના પરિવારમાં અવિવેકિતા નામની જે મારી ધાવ માતા હતી. તેણીએ પણ મારા જન્મ દિવસે એક પુત્રને જન્મ આપ્યો. તેનું વૈશ્વાનર નામ પાડયું. તે ખેદ અને વૈરરૂપ નીચા પગવાળો, દ્રોહ અને ઇર્ષ્યારૂપ કઠણ જંઘાવાળો, અક્ષમા અને ચિત્તના પશ્ચાત્તાપરૂપ ખરબચડા સાથળવાળો, તથા ચુગલીરૂપ લાંબા કટિપ્રદેશવાળો હતો. વળી તે પરના મર્મ પ્રદેશને ભેદવારૂપ મધ્યભાગને ધારણ કરનાર તાપથી દીપ્ત થયેલો અને અન્યાયરૂપ દૃઢ ખંભાવાળો, ખાર અને માત્સર્યરૂપ બેડોળ હાથવાળો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્રુરતારૂપી લાંબી અને ઉંચી ગરદનવાળો, અસત્ય વચનાદિરૂપ છુટા દાંતવાળો તથા પ્રચંડતા અને ભર્ત્સનારૂપ શુન્ય કર્ણોવાળો હતો. વળી તે હાસ્યરૂપી ચપટી નાસીકાવાળો, રૌદ્રતા અને નિર્દયતારૂપી લાલ આંખોવાળો, દુરાચરણરૂપી ત્રિકોણ મસ્તકવાળો હતો. અસંગતારૂપી પીળા કેશવાળો, વિરાધનારૂપી જનોઇવાળો, દુઃશીલપણાની ક્રીડામાં આસક્ત તથા ખોટી નીતિવાળો એવા તે બ્રાહ્મણ પુત્રને જોઇ પૂર્વાભ્યાસથી મારૂં ચિત્ત તેનામાં સ્નેહવાળું થયું.

મને પોતાને વશ થએલો જોઇને તે દુષ્ટે મારૂં પડખું કદી તજ્યું નહિં મને તેના સંગવાળો જોઇ મારો પુણ્યોદય નામનો મિત્ર મારા પર અત્યંત ક્રોધવાળો થયો અને તેણે વિચાર્યું કે, આ નંદિવર્ધન મારો આશ્રિત છે. જો કે તે ગુણ વિનાનો મૂઢ અજ્ઞાન છે, છતાં મારે તેને છોડી દેવો યોગ્ય નથી, એમ વિચારી તે મારા અંતઃકરણમાં જ રહ્યો. વૈશ્વાનરની સોબતથી હું ચળકતા મણિવાળા ઝેરી નાગ તુલ્ય થયો. મને તે વૈશ્વાનરે દાહ પ્રકૃતિવાળો કર્યો. મારાથી ડરતા એવા કુલીન બાળકો મને સેવે છે તે પ્રભાવ પુણ્યોદયનો હોવા છતાં મેં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વૈશ્વાનરનો માન્યો. પિતાએ કલાઓ શિખવા મને ઉત્તમ આચાર્યને સોંપ્યો. ઉદ્યમ વિના ભાગ્યોદયથી હું સર્વકળા શીખ્યો. પણ સર્વ બાળકો સાથે કલેશ કરતો હું બાળકોને તથા ગુરુને ખેદકારક નિવડયો. ગુરુ જ્યારે શિખામણ દે ત્યારે હું તેમનો તિરસ્કાર કરતો. મને રાજપુત્ર જાણી કંઇ કહે નહિ એટલે હું વૈશ્વાનરનો ગુણ માનતો. ક્રૂર મનવાળા તેણે મને રસાયન ખવડાવ્યું, તેથી હું ક્રુર ચિત્તવાળો બન્યો. મારી દેખરેખ રાખનાર વિદુરે મારૂં દુષ્ટાચરણ રાજાને કહ્યું.

તેમણે મારા કલા ગુરુને બોલાવી પૂછયું કેઃ કુમાર કેટલી કળા શીખ્યો ? તેમણે કહ્યું કેઃ–સર્વકળા શિખ્યો છે પણ વૈશ્વાનરની સોબતથી તે સુધરે તેમ નથી. તે સાંભળી રાજા બહુ ખેદ પામ્યો. પછી મને તે પાપી વૈશ્વાનરના ત્યાગ માટે વૈદક મારફત કહેવરાવ્યું. વૈદકે કહ્યું કે હે રાજન્ ! તે વૈશ્વાનરના સંગથી તેના જેવો જ થઈ ગયો છે. માટે બલાત્કારે છોડાવી શકાય તેમ નથી. પણ શાન્તિ માટે ઉપાય શોધવો. સિદ્ધપુત્ર તથા જૈનધર્મી એવો વિદુર આનો ઉપાય કરે તેમ છે. રાજાએ વિદુરને બોલાવી પુત્રના કુસંગ ત્યાગનો ઉપાય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂછતાં તેણે કહ્યું કેઃ ચિત્ત સૌંદર્યનગરમાં શુભાશય રાજાને સ્થિરતા નામે રાણીથી ક્ષમા નામે પુત્રી થઈ છે. તે જો કુમારને પરણાવવામાં આવે તો તે પાપી વૈશ્વાનરનો સંગ તજે તેમ છે. રાજાએ નિમિત્તિઆને બોલાવી તેના વિવાહ માટે પૂછતાં નિમિત્તિઆએ કહ્યું કેઃ તેમાં પ્રયાસ કરવાની જરૂર છે. કર્મવિલાસથી પ્રેરાયેલો શુભાશય પોતાની મેળે જ તમારા પુત્રને તે કન્યા આપશે. પુણ્યોદય પણ તે વૈશ્વાનરને દૂર કરવા મહેનત કરે છે. આ સાંભળી મારા પિતા હર્ષ પામ્યા.

પછી તેમણે વિદુરને કહ્યું કેઃ તારે આ કુમારની પરીક્ષા કરવી. બીજે દિવસે વિદુર મારી પાસે આવ્યો. મેં કહ્યું "કાલે કેમ નહોતો આવ્યો? તેણે કહ્યું કેઃ—

ક્ષિતિ–પ્રતિષ્ઠ નગરમાં કર્મવિલાસ રાજાને શુભશ્રી અને અશુભશ્રી બે પટ્ટરાણીથી અનુક્રમે મનીષી અને બાળ નામે પુત્રો થયા. તેઓ એક દિવસ દેહરૂપી વનમાં ક્રીડા કરતા હતા ત્યાં તેઓએ પાશથી બંધાયેલ કોઇક પુરૂષને જોયો. બાલે તેનો પાશ છેદી તેના દુઃખનું કારણ પૂછતાં તેણે કહ્યું કેઃ મારે ભવજંતુ નામે એક મિત્ર હતો. તે સદાગમના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંગથી મારો દુશ્મન બની, શરીર સંબંધી પરિ-ષહો સહન કરી મારો સદંતર ત્યાગ કરી મોક્ષે ગયો છે. તેના વિયોગથી હું મરી જાઉં છું. બાળે કહ્યું કેઃ હે સ્પર્શન ! તું ખરેખર સજ્જન છે. ભવ-જંતુ દુર્જન તને મૂકીને ભલે ગયો, હવેથી હું તારો મિત્ર થઈશ. સદાગમ ઠગારા પાસે હું જઈશ નહિ. સ્પર્શને બાળની મિત્રાઈ કાયમ રાખી મર-વાનું મુકી દીધું

મનીષીએ વિચાર્યું કે "સદાગમ આવું કરે નહિ સ્પર્શન જૂઠા બોલો લાગે છે. અને બાળે તેની સાથે મિત્રાઈ કરી તે સારૂં કર્યું નથી. મારે બાળને સારૂં લગાડવા ઉપર ઉપરથી મૈત્રી કરવી. પછી તેઓ માતા પિતા પાસે આવી સ્પર્શન સાથે મૈત્રી કર્યાની વાત કહી બાળની માતા તો ખુશી થઈ પણ મનીષીની માતા ખેદ પામી અને પિતાએ બાળને કુવિદ્યારૂપી વનમાં ફેંકયો અને મનીષીને ગુણોની પંક્તિ સાથે જોડયો. મનીષીએ બોધ નામે અંગરક્ષકને કહ્યું કે હે બોધ ! તું આ સ્પર્શનના મૂળની શોધ કરી આવ. બોધે પોતાના નોકર પ્રભાવને શોધ કરવા મોકલ્યો. તેણે પુરતી તપાસ કરીને બોધને કહ્યું કેઃ હું બાહ્ય પ્રદેશમાં ફર્યો ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કંઈ જાણવા મળ્યું નહિ તેથી અંતરંગ પ્રદેશમાં ગયો. ત્યાં મહાપાપોના ઘર સરખું રાજસ ચિત્ત નગર જોયું. તેનો રાગ નામે રાજા ભયંકર બળવાળો હતો તેનો મંત્રી વિષયાભિલાષી જગતને વશ કરવામાં સમર્થ અને મહાચતુર હતો. ત્યાં મમત્વાદિ હાથીઓ, અસંયમાદિ ઘોડા, મિથ્યા-ભિમાનાદિ રથ અને મદાદિ ચપળતારૂપ પાયદળ, કામદેવ વિલાસ હાસ્યાદિ નાના પ્રકારના વાજીંત્રોના કોલાહલવાળું લશ્કર હતું. મેં વિપાક નામના પુરૂષને લશ્કર એકઠું થવાનું કારણ પૂછતાં તેણે કહ્યું કે : વિષયાભિલાષી મંત્રીએ પહેલાં જગતને જીત-વાને પોતાના સ્પર્શનાદિ પાંચ માણસને મોકલ્યાં. તેઓએ પ્રાયે જગતને જીતેલું છે પણ એટલામાં તેઓને સંતોષ નામનો ચોર હરાવીને બલાત્કારે કેટલાક માણસોને મોક્ષનગરમાં લઈ ગયો છે. તે સાંભળીને રાજાએ સંતોષને જીતવા આ લશ્કર એકઠું કર્યું છે.

હવે તે રાગરાજા પોતાના પિતા મહામોહ રાજાને નમવા માટે ગયો. ત્યાં તેણે અત્યંત લંબાયમાન એવા રજસ અને તમસરૂપી બન્ને ભ્રકુટીઓથી મનોહર થએલા સ્મિતવાળા મોટી દાઢીમૂછવાળા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અજ્ઞાનરૂપ ઘડપણથી જીર્ણ થએલા તથા કંપાતા શરીરવાળા વિશાલ તૃષ્ણારૂપી વેદિકામાં મહાવિપર્યાસરૂપી આસન પર બેઠેલા તે મોહ રાજાને જોયો પછી તેને નમીને સુખશાતા પુછી કાર્યનો સંબંધ કહ્યો. ત્યારે મોહરાજાએ કહ્યું કે: મને વૃદ્ધને જ રણસંગ્રામ કરવો યુક્ત છે, એમ કહી મોહરાજા રાગાદિક સહિત લડાઈ કરવા ચાલ્યો છે. તેનો આ કોલાહલ છે. મને વિપાકને મોખરાના લશ્કરમાં જોડયો છે તેથી હું જાઉં છું. આ પ્રમાણે સ્પર્શનનાં મૂળની ખબર લઈને પ્રભાવે બોધને કહ્યું. તેથી બોધ પ્રભાવને લઈને મનીષી પાસે જઈ સર્વ વૃત્તાંત કહ્યું. તેથી તે આનંદિત થયો.

એક દિવસ તેણે સ્પર્શનને જ પૂછયું કે "તને સદા ગમે બહુ કષ્ટ આપ્યું લાગે છે." તેણે કહ્યું કે "અત્યંત દુષ્ટ એવા સંતોષને અગાડી કરીને તે વચનથી જ મારો અપકાર કરનારો છે. આ સાંભળી મનીષી સ્પર્શનને વિષયાભિલાષનો ઠગ ચાકર જાણી સાવધાન થયો. પછી તે સ્પર્શન પોતાની યોગ શક્તિથી બાળના શરીરમાં પ્રવેશ કરીને કોમલ સ્પર્શની ઇચ્છા કરાવવા લાગ્યો "તેં તો મને સ્વર્ગ દેખાડયો" એવી બાલની

વાણીથી સ્પર્શન હર્ષ પામ્યો. સ્પર્શનની યોગ શક્તિના પ્રભાવને સાંભળીને બાલની માતા ખુશી થઈ અને મનીષીની માતા ખેદ પામી અને પિતા કર્મવિલાસ બાળ પ્રત્યે કુપિત થયો અને મનીષી પ્રત્યે તુષ્ટમાન થયો. હવે બાળે સ્પર્શનમાં રાગી થઇને કુળ લજ્જા છોડી સ્ત્રીઓમાં લોલુપી બન્યો. મનીષીએ સ્પર્શનના મૂળની હકીકત સમજાવવાં છતાં બાળે તેનું કંઈ માન્યું નહિ તેથી મનીષી મૌન રહ્યો.

હવે કર્મવિલાસ રાજાની સામાન્ય રૂપા નામે રાણીનો પુત્ર દેશાંતરથી આવ્યો. બાળની પ્રેરણાથી તે પણ સ્પર્શનને ભજવા લાગ્યો. સ્પર્શને તેના ચિત્તને વિસ્મય પમાડયું. મનીષી તેનો દોષ કહેવા લાગ્યો. બન્નેના વચનમાં સંશયવાળો મધ્યમ બુદ્ધિ આ બાબત તેની માતાને પૂછવા લાગ્યો. માતાએ કહ્યું કે: કાળ વિલંબ કરવો હમણાં ઠીક છે પછી અવસરે જેનો પક્ષ બળવાન હોય તે ગ્રહણ કરવો તે પર કથા કહું તે સાંભળ. ઋજુ નામના રાજાની પ્રગુણા નામે રાણીથી મુગ્ધ નામે પુત્ર થયો. તેને અકુટીલા નામે રાજપુત્રી સાથે પરણાવ્યો. એક વખત વસંત ઋતુમાં તે સ્ત્રી સાથે વનમાં ફરવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગયો. ત્યાં તેઓ પુષ્પો વીણવા જુદી જુદી દિશામાં ગયાં. એટલામાં કાલજ્ઞ અને વિચક્ષણા નામે વ્યંતર યુગલ ત્યાં આવ્યું. અકુટીલાને જોઈ કાલજ્ઞ કામાતુર થયો અને મુગ્ધને જોઈ વિચક્ષણા કામાતુર બની. ઠગવામાં ચતુર એવા કાલજ્ઞે મુગ્ધનું રૂપ લઈ અકુટીલાને ભોગવી અને વિચક્ષણાએ અકુટીલાનું રૂપ લઈ મુગ્ધને ભોગવ્યો. બન્ને જોડલાં ઘેર આવ્યાં. સુંદર જોડલાં જોઈ વન દેવતાની કૃપા માની ઋજુરાજા ખુશી થયો.

એક દિવસ મોહલય નામના વનમાં બોધરતિ નામે આચાર્ય પધારતાં ઋજુરાજા પરિવાર સહિત વંદન કરવા આવ્યો. ધર્મદેશના સાંભળી વિષય સુખથી વિરામ પામેલું વ્યંતરનું જોડલું સમ્યક્ત્વ પામ્યું. તેથી તેમના શરીરમાંથી ભોગ તૃષ્ણા નામની ધુંવાડાથી મલીન થએલી અગ્નિની શીખા જેવી સ્ત્રી બહાર નીકળી. તે વ્યંતર યુગલે ગુરુને પૂછ્યું કે: હે ભગવન્ ! અમારી શુદ્ધિ શી રીતે થશે? ગુરુએ કહ્યું કે: સ્વભાવથી નિર્મળ એવા તમારો દોષ નથી. પણ આ ભોગ તૃષ્ણા સ્ત્રીનો દોષ છે. મોહના ઉછાળાથી આ ભવમાં તમારી મુક્તિ થાય તેમ નથી. તમે સમ્યક્ત્વ મેળ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યું છે એટલે પછીના ભવમાં મુક્તિ થશે. આ સાંભળી તેઓ બન્ને દુરાચારના પશ્ચાત્તાપથી શાંત થયા, ઋજુરાજા પ્રગુણારાણી, મુગ્ધ અને અકુટીલા ખેદ પામ્યાં. હવે તે ચારેના શરીરમાંથી શ્વેત બાળકનું રૂપ નિકળ્યું. તેમાંથી બીજું કાળુંરૂપ નિકળ્યું તથા તેમાંથી ત્રીજું વધારે કાળુંરૂપ નિકળ્યું. વધતા એવા તેને શ્વેતરૂપે પકડી લીધું, તેનો પરમાર્થ સમજાવતાં ગુરુએ કહ્યું કે: તમે ચારે જણાં સરળ ને નિર્દોષ છો. શ્વેત બાળક તે આર્જવ છે તેણે તમારૂં રક્ષણ કર્યું છે. બીજું કાળુંરૂપ તે અજ્ઞાન છે તે સંસારસમુદ્રમાં પડતા માણસને ગળામાં બાંધેલી શીલા જેવું છે. સાક્ષાત્ નરકકુંડ જેવું અને મોક્ષમાર્ગમાં અંધારા કૂવા જેવું છે. ત્રીજું વધારે કાળુંરૂપ તે પાપ છે. તે કુલેશોના સમૂહનું મૂળ છે. તે વધતા પાપને શ્વેત બાળકરૂપ આર્જવે અટકાવી દીધું છે. આ સાંભળીને તે ચારે જણા પ્રતિબોધ પામ્યા. ને તે જ વખતે દીક્ષા લીધી. ત્યારે પેલું શ્વેતરૂપ તેમના શરીરમાં પેઠું. વ્યંતર યુગલે તેઓની ધન્યતા અને પોતાની નિંદ્યતા વિચારી સમ્યકૃત્વ માત્રથી સંતુષ્ટ થઈને ગુરુ અને મુનિઓને નમીને પોતાને સ્થાનકે ગયું. તે વખતે તેઓના

શરીરમાં ભોગતૃષ્ણા દાખલ થઇ. પણ દોષની વૃદ્ધિ કરનારી ન થઈ. સામાન્ય રૂપાએ મધ્યમ બુદ્ધિને કહ્યું કે: હે પુત્ર! કાળ વિલંબ કરવાથી પરિણામે તને લાભ થશે ને સંદેહ ટળી જશે. હવે બાલની માતા પોતાની યોગશક્તિથી તેને સુખી કરવા તેના શરીરમાં પેઠી. તેથી બાળ પ્રગટ રીતે ત્રિદોષવાળો થયો. પછી તે લજ્જાને છોડી વણકર અને ચંડાળ સ્ત્રીઓને ભોગવવા લાગ્યો. મધ્યમબુદ્ધિ તેને અકાર્યથી અટકાવી શક્યો નહિ. એક વખત ક્રીડામાં તત્પર એવો બાળ સ્પર્શન પોતાની માતા અને મધ્યમ-બુદ્ધિ સહિત લીલાધર વનમાં ગયો. ત્યાં તેણે કામ-દેવનું મંદિર જોયું. ચૈત્રસુદ ૧૩ નો મેળો હોવાથી કામદેવના મંદિરમાં ગયો. ત્યાં તેણે કામદેવના ગુપ્ત આવાસને જોઈ મિત્રને બારણે બેસાડી અંદર ગયો, જ્યાં કામ ને રતિ સુતાં છે એવી કોમલશય્યાનો ત્યાં સ્પર્શ કરતાં સુઈ ગયો. એટલામાં ત્યાં રીપુ-મર્દન રાજાની મદનકંદળી નામે રાણી આવી ત્યારે તે બાળ કાષ્ટની પેઠે લજ્જા અને ભયથી ચેષ્ટારહિત થઇને સ્થિર રહ્યો.

પછી તે રાણીએ પણ વિલેપનથી પૂજા કરતાં થકાં બાળને અને રતિ તથા કામદેવને સ્પર્શ કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાળને તે સ્પર્શ બહુ ગમ્યો. કામદેવની પૂજા કરી રાણી ગઈ. પણ બાળ બહાર નિકળ્યો નહિ. તેથી તેને જોવા મધ્યમબુદ્ધિ અંદર ગયો. શય્યામાં સુતેલા બાળને મધ્યમબુદ્ધિએ કહ્યું કે: દેવશય્યામાં સુવાય નહિ. બાળે તેનું વચન માન્યું નહિ. તેથી ત્યાંના વ્યંતરે બાળને બાંધીને માર્યો પણ દયાળુ મનવાળા મધ્યમબુદ્ધિએ વ્યંતરને પગે પડીને તેને છોડાવ્યો. સર્વ લોકોએ તેની ઘણી નિંદા કરી. કર્મવિલાસે આ બધું જાણી પોતાના પરિવારને કહ્યું કે ઝેરીવૃક્ષ સરખા આ બાળનું તમારે હિત ચિંતવવું નહિ.

હવે એક દિવસ મધ્યમબુદ્ધિએ, બાળને સુખશાતા પૂછતાં તેણે કહ્યું કે: મારૂં મન મદનકંદળી રાણીમાં છે. મધ્યમબુદ્ધિએ કહ્યું કે: પરસ્ત્રીગમન કુળને કલંકરૂપ છે. બાલે કહ્યું કે: તેના વિના મારૂં જીવતર સફળ નથી. આ સાંભળી મધ્યમબુદ્ધિ મૌન રહ્યો.

સંધ્યાકાળે બાળ મદનકંદળી પાસે જવા નિકળ્યો. મધ્યમબુદ્ધિ સ્નેહના અનુબંધથી તેની પાછળ ગયો. કોઈક પુરૂષ તે બાળને મયુરબંધથી બાંધીને આકાશમાં લઇ ગયો. ત્યારે ક્રોધથી ઉદ્ધત થએલો મધ્યમબુદ્ધિ તલવાર ખેંચી તેની પાછળ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દોડયો. રાત ગઈ છતાં તેનો પત્તો મળ્યો નહિ. છતાં તે પાછો વળ્યો નહિ, અને બાળની શોધ કરતો સાત દિવસ સુધી ભમ્યો. પછી ને બાળના વિયોગે કુશસ્થળ નગરની બહાર અંધાર કુવામાં જંપાપાત કરવા જતાં નંદન નામે રાજપુરૂષે તેને જોયો. નંદનના પૂછવાથી તેણે બાળના વિયોગની વાત કહી ત્યારે નંદને કહ્યું કે: તું આપઘાત કરીશ નહિ. હું તેને શોધી લાવીશ. તારા ભાઈને વિદ્યાધર લઈ ગયો હતો. હરિશ્ચંદ્ર રાજા વિદ્યાની સિદ્ધિ માટે તેના માંસ ને રૂધિરની આહુતિ આપતો હતો. વિદ્યા સિદ્ધ થતાં તે બાળને તારા ભાગ્યથી હમણાં જ રાજાએ મને સોંપ્યો છે. એમ કહી મધ્યમબુદ્ધિને તે બાળ સોંપ્યો. મધ્યમબુદ્ધિ તેને ઘેર લઈ ગયો. સારવાર કરી તેને સાજો કર્યો. પછી તેને પૂછયું કે: તને કેવું દુઃખ પડયું? બાળે કહ્યું કે: મારા માંસ અને રૂધિરથી જુદીજુદી આઠસેં જાપોની સાત દિવસો સુધી આહુતીઓ આપી. દયાળુ રાજાએ મને રડતો જોઈ છોડ્યો. પણ વિદ્યાધરે મને નરકનું દુઃખ આપ્યું લોકાચારથી મનીષી તેને મળવા આવ્યો તેનું વૃતાંત સાંભળી કહ્યું કે: હવે તારે સ્પર્શનનો સંગ કરવો નહિ. બાળે કહ્યું કે: મહાન અર્થની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સિદ્ધિમાં પ્રાણની શી પરવા. મદનકંદળી મને પ્રાણની જેમ વહાલી છે.

આ સાંભળી મનીષી મધ્યમબુદ્ધિને લઈ ચાલ્યો ગયો. અને કહ્યું કે: બાળથી હવે સર્યું? આની વાત આખું જગત જાણે છે. બાળની સાથે રહેલા તારા પ્રત્યે પિતાજીને દયા થઇ છે. ભવજંતુમાં પિતાજીને હર્ષ થયો છે. મધ્યમબુદ્ધિએ બાળની ઉપેક્ષા કરી પણ બાળની માતા ખુશ થઈ બાળને કહેવા લાગી કે મનીષીની પેઠે તું નિરૂત્સાહી નથી થયો તે સારું છે. પછી બાળ સંધ્યાકાળે રાજ-મહેલમાં ગયો ત્યાં શણગાર સજતી રાણીને જોઈ. તેની શય્યા પર તે સૂઈ ગયો. તે વખતે રાજા આવી ચઢયો. તેણે બાળની ક્રુર માણસો મારફતે આખી રાત કદર્થના કરી. દિવસે ગધેડા પર ફેરવી સંધ્યા-કાળે વૃક્ષની ડાળી પર લટકાવ્યો. દૈવયોગે તેનો ગળા ફાંસો તૂટી જતાં તે પૃથ્વી પર પડ્યો. સજાગ થતાં તે ઘેર ગયો.

હવે એક દિવસ સ્વીયવિલાસ નામના ઉદ્યાનમાં જ્ઞાનરતિ નામે આચાર્ય પધારતાં કર્મવિલાસ રાજા પરિવાર સહિત વંદન કરવા ગયા. ત્યાં જિનમંદિરમાં



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દર્શન કરીને મનીષી અને મધ્યમબુદ્ધિએ ગુરુને વંદન કર્યું પણ સ્પર્શન અને માતાના દોષથી બાળે વંદન કર્યું નહિ. તે વખતે સુબુદ્ધિમંત્રી રિપુમર્દન રાજા અને મદનકંદળી પણ આવી. રાજાએ ગુરુને પૂછ્યું કે: આ લોકમાં ગ્રહણ કરવા યોગ્ય શું છે? ગુરુએ કહ્યું કે: એક ધર્મજ ગ્રહણ કરવા યોગ્ય છે. પણ ઇન્દ્રિયોને વશ પડેલા લોકો ધર્મ કરતા નથી. જેઓ સ્પર્શનને વશ થતા નથી તેઓ ઘરમાં રહીને પણ બ્રહ્મચર્ય પાળે છે. દીક્ષા લઈને ભૂમિ શયન-લોચાદિક કષ્ટો સહન કરી મોક્ષ સુખ મેળવે છે. આ સાંભળી મનીષી અને મધ્યમબુદ્ધિ બોધ પામ્યા પણ બાળ તો કંઈ પણ સમજ્યો નહિ.

ગુરુએ ચાર પ્રકારના માણસોની વ્યાખ્યા કરી. ભવજંતુને અતિ ઉત્તમ, મનીષીને ઉત્તમ, મધ્યમબુદ્ધિને મધ્યમ અને બાળને જઘન્ય કક્ષામાં મૂકયો. મનીષી દીક્ષા લેવા તૈયાર થયો. મધ્યમબુદ્ધિએ ગૃહસ્થ ધર્મ અંગીકાર કરવા ઇચ્છયું. કામદેવના શસ્ત્રથી હણાએલો બાળ મદનકંદળી પ્રત્યે દોડ્યો. રાજાએ ક્રોધથી લાલ આંખ કરતાં તે ડર્યો. તેને ભાન થતાં તેનો કામજ્વર શાંત થયો. તે ત્યાંથી નાસવા લાગ્યો. પણ અથડાઈને પૃથ્વી પર પડ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે વખતે સ્પર્શન તેના શરીરમાંથી ચાલ્યો ગયો. રાજાએ ગુરુને પૂછયું કે: આ કોણ અધમ પુરુષ છે? ગુરુએ કહ્યું કે: આ દોષ તે બાળનો નથી પણ બહાર રહેલા પાપી સ્પર્શનનો છે. રાજાએ પૂછયું કે હવે તે બાળ શું કરશે? ગુરુએ કહ્યું કે: તે સ્પર્શન સહિત કોલ્લાગ સન્નિવેશમાં જશે. ત્યાં કર્મપૂર નામે તળાવમાં પ્રવેશ કરશે. તે વખતે પદ્મખંડમાં સંતાયેલી ચંડાળની સ્ત્રીને સ્પર્શ કરી તેને ભોગવવા બલાત્કાર કરશે. તે સ્ત્રી બૂમો પાડશે. તે સાંભળી ચંડાળ ત્યાં આવી તેને મારી નાખશે. તે મરીને નરકે જશે. ત્યાંથી નીકળી સંસારમાં કુયોનિ-ઓમાં ભટકશે. રાજાએ કહ્યું: બાળની માતા અશુભાલિ અને સ્પર્શનનો વિપાક ભયંકર છે. તેને યંત્રથી પીલી નાખવા જોઈએ. આચાર્યે કહ્યું કે: હે રાજન્! એ ભાવવૈરીઓને પીલવા તારું લોખંડનું યંત્ર નકામું છે. મુનિઓએ અપ્રમાદ નામનું યંત્ર દઢ કર્યું છે. તે યંત્ર અંતરંગ શત્રુને હણે છે.

મનીષીનો શુદ્ધ અધ્યવસાય રૂપી અગ્નિ વૃદ્ધિ પામતાં તેણે દીક્ષાની માગણી કરી. રાજાએ કહ્યું કે આ ઉત્તમ માણસ કોણ છે? આચાર્યે કહ્યું કે: કર્મવિલાસ રાજાની શુભશ્રીની કુક્ષીએ ઉત્પન્ન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયેલ મનીષી નામે પુત્ર છે. એટલામાં મધ્યમ-બુદ્ધિએ શ્રાવક ધર્મ ગ્રહણ કરવાની માગણી કરી, તેની પાછળ રાજાએ પણ માગણી કરી તેથી બન્નેને શ્રાવક ધર્મ આપ્યો.

પછી રાજા મનીષીને હાથી પર બેસાડી પોતે છત્ર ધરીને પોતાના નગરમાં મહોત્સવપૂર્વક લઈ જઈ તેની ઘણી મહેમાનગતિ કરી અને પરીક્ષા પણ કરી. મનીષીનો વૈરાગ્ય વધતો જતો જોઈ રાજા પણ તેની સાથે દીક્ષા લેવા તૈયાર થયો. તેની સાથે રાણી અને સુબુદ્ધિ મંત્રી પણ તૈયાર થયા. આચાર્યદેવે સર્વેને વિધિપૂર્વક દીક્ષા આપી. મનીષી શુદ્ધચારિત્ર પાળી મોક્ષે ગયો. બીજા મધ્યમબુદ્ધિ જેવા લોકો સ્વર્ગે ગયા. હવે વિદુરે બાળ અને મનીષીની વાત સાંભળતાં મારો દિવસ પૂરો થયો તેથી કાલે તમારી પાસે આવી શકયો નથી તેમ નંદીવર્ધનકુમારને કહ્યું. નંદીવર્ધન બોલ્યો કે: આવો ખલનો સંગ મારે નથી. ત્યારે વિદુર તેના કાનમાં બોલ્યો કે: વૈશ્વાનર પણ ખલ સ્વભાવી છે. વૈશ્વાનરે આપેલ ગોળી નંદીવર્ધને ખાધી. તેના પ્રભાવથી ભયંકર મુખવાળા મેં (નંદીવર્ધને) વિદુરને તમાચો માર્યો અને બોલ્યો કે: મારા મિત્રને

ખળ કહેનાર તું કોણ છે? એમ કહી ફરી મારવા જતાં વિદુર નાસીને પિતાજી પાસે ગયો. અને મારી વાત કહી.

એક દિવસ હું માતાપિતાને નમીને આસન પર બેઠો હતો એટલામાં રાજમંદિરમાં કોલાહલ થતાં હું બહાર આવ્યો. ત્યાં ધવલસે નાપતિ આવી બોલ્યો કે કુશાવર્તનગરના રાજા કનકચૂડનો પુત્ર કનકશેખર પિતાના અપમાનથી અત્રે આવ્યો છે. તે તારા મામાનો દીકરો છે તેને લેવા તારા પિતાશ્રી જાય છે. અને તને સાથે આવવા કહ્યું છે. માટે જલદી ચાલ. હું તરત જ ગયો. અને તેને લાવી મારા મહેલની પાસેના આવાસમાં રાખ્યો. મારી સાથે તેને ઘણો સ્નેહ છતાં મેં તેને પિતાના અપમાનનું કારણ પૂછયું. તે બોલ્યો કેઃ મેં એક મુનિ પાસે જૈનધર્મ સાંભળી સાધર્મિકવાત્સલ્ય કરવાનો અભિગ્રહ લીધો હતો. તેમાં મારા પિતાની આજ્ઞા મુજબ હું સાધર્મિકવાત્સલ્ય કરતો. જૈન નામધારીઓને કરથી મુક્ત કર્યા તે દુર્મુખ મંત્રીને ગમ્યું નહિ. તેથી મારા માટે પિતાજીને ખોટી ફરીયાદ કરી. પિતાજીએ તેને પૂછયું કેઃ તારે કુમારને જે કહેવું હોય તે કહે હું તે બાબતમાં કંઇ કહીશ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહિ. પછી તે મંત્રી મારી પાસે આવી કહેવા લાગ્યો કે : તમારે આવું સાધર્મિકવાત્સલ્ય કરવું નહિ, આથી રાજ્યની આવક ઘટી જાય છે. મેં વિચાર્યું કે આ દુષ્ટ મંત્રી મારા કામમાં વિરોધ કર્યા કરશે એટલે તેની તપાસ કરવા ચતુર નામે વિશ્વાસુ માણસને તે કામ સોંપ્યું, તપાસ કરી. તે મંત્રીએ મોટા શ્રાવકોને બોલાવીને ગુપ્ત રીતે બોલ્યો કે જો તમને સુખની ઇચ્છા હોય તો તમારે છાની રીતે મને કર આપવો. આ વાતની પિતાને ખબર પડવા છતાં તેમણે દુર્મુખને અટકાવ્યો નહિ. તેથી હું સમજ્યો કે તેમાં પિતાજી સમ્મત હશે, તેથી હું મિત્રો સહિત તેમને કહ્યા વિના અહીં આવ્યો છું. દશ દિવસ પછી અમો બન્ને પિતાજી પાસે ગયા ત્યારે ત્યાં આવેલા મંત્રીઓ કનકશેખરને નમસ્કાર કરી બોલ્યા કે: તમારી ખબર મળવાથી તમારા પિતાશ્રી હર્ષ પામ્યા છે અને દુર્મુખને તેના કુટુંબ સહિત દેશપાર કર્યો છે. તે વખતે એક દૂત આવી બોલ્યો કે : વિશાલા નગરીમાં નંદન નામે રાજાને પ્રભાવતી અને પદ્માવતી નામે પટ્ટરાણીઓથી વિમલાનના અને રત્નવતી નામે પુત્રીઓ થઈ છે કનકપુર નગરમાં પ્રભાકર રાજા

રાજ્ય કરે છે તે પ્રભાવતીનો ભાઇ થાય છે. તેને બંધુમતી રાણીથી વિભાકર નામે પુત્ર થયો છે. બન્ને ભાઇ બહેને સંકેત કર્યા મુજબ વિમલાનનો વિવાહ વિભાકર સાથે કર્યો છે. પરંતુ કનકશેખરના ગુણો સાંભળ્યા પછી વિમલાનના કનકશેખરની જ ઇચ્છા કર છે. રત્નવતીએ આ વાત પિતાને કહી. તેથી પિતાએ વિચાર્યું કે, આની ઇચ્છા વિરૂદ્ધ વિભાકર સાથે પરણાવવી ઠીક નથી. તેથી તેને કુશાવર્ત નગરે કનકશેખર માટે મોકલી છે. તે વખતે રત્નવતી બોલી કે મને વિમલાનના પ્રત્યે બહુ સ્નેહ છે. તેથી જો કે શોકયપણું સ્નેહનો નાશ કરે છે માટે હું તેના મિત્રની સ્ત્રી થઇશ તો મને પણ સાથે મોકલો. રાજાએ તેને પણ સાથે મોકલી છે. તે બન્ને બહેનો ઉદ્યાનમાં છે. મને કનકચૂડરાજાએ કહ્યું કે કનકશેખરની સાથે નંદીવર્ધનને પણ તેડી લાવો. તેનો વિવાહ રત્નવતી સાથે કરશું. આ સાંભળી પિતાની આજ્ઞાથી અમો બન્ને મિત્રો કુશાવર્ત જવા સૈન્ય સાથે નિકળ્યા. ત્યારે વૈશ્વાનર ને પુણ્યોદય પણ મારી સાથે જ આવ્યા. રસ્તામાં રૌદ્રચિત્ત નગર આવ્યું. તેમાં દુરભિસંધી રાજાને નિઃકરૂણતા રાણીથી હિંસા નામે દીકરી હતી. તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વખતે તામસચિત નગરના રાજા દ્વેષસિંધુર પતિની અવિવેકીતા સ્ત્રી કે જે વૈશ્વાનરની માતા અને મારી ધાવમાતા હતી તે પણ ગર્ભિણી થઇ થકી રૌદ્રચિત્ત નગરમાં આવી છે. તેણે વૈશ્વાનરને કહ્યું કે તારા કાકાની દીકરી હિંસાને નંદીવર્ધન સાથે પરણાવ. પછી વૈશ્વાનરના કહેવાથી મેં હિંસા સાથે લગ્ન કર્યું. વૈશ્વાનર બોલ્યો કે: તારે હિંસાને ખુશ કરવા અપરાધી કે નિરપરાધી પ્રાણીઓનો વગર વિચારે વધ કરવો. તેથી હિંસા મારા કરતાં પણ વધારે તને તેજ આપશે. મેં તેના કહેવા મુજબ હજારો હરિણાદિ જીવોને હણ્યા. તેથી મારામાં તેજ વધ્યું.

પછી અમો કુશાવર્તની નજીક વિષમકૂટ પર્વત પાસે આવ્યા. ત્યાંના અંબરીષ નામના લૂંટારાઓ કનકચૂડના રાજ્યને ઉપદ્રવ કરતા હોવાથી કનકચૂડે તેઓને બહુ હેરાન કર્યા હતા. તેનો બદલો લેવા તેઓ કનકશેખરને આવતો જાણી માર્ગ રૂંધીને રહ્યા હતા. તે જોઈ કનકશેખર ગ્લાની પામ્યો. તે ચોરોનો નાયક પ્રવરસેન મારા પર ધસી આવ્યો. અમારા બન્નેનું ભયંકર યુદ્ધ થયું. છેવટે મેં તેનું મસ્તક છેદ્યું. તેથી દેવોએ મારા પર પુષ્પ વૃષ્ટિ કરી. ચોરો મારા તાબે થયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમાં ખરું કારણ તો મારો પુણ્યોદય હતો પણ મેં હિંસા ને વિશ્વાનરને ગણ્યા. પછી અમો કુશાવર્ત નગરે આવ્યા મેં રત્નવતી સાથે અને કનકશેખરે વિમલાનની સાથે લગ્ન કર્યા. ત્રણ દિવસ પછી તે બન્ને સ્ત્રીઓ ચૂતચુચુક નામે ઉદ્યાનમાં ક્રીડા કરવા ગઈ. ત્યાં કોઈક તેઓને હરી ગયું. તે સમાચાર મળતાં હું, કનકશેખર અને કનકચૂડરાજા ત્રણે ઉદ્યાનમાં આવ્યા. અમારી સામે ત્રણ નાયકો લડવા માટે આવ્યા. મેં દૂત પાસેથી તે ત્રણેનાં નામ જાણી લીધાં. પછી બખ્તર સજી અમો પણ તેઓની સાથે લડવા તૈયાર થયા. વિભાકરને કનકશેખરનું યુદ્ધ શરૂ થયું. મારી સામે વિભાકરનો સેનાપતિ કલીંગદેશનો રાજા સમરસેન લડવા આવ્યો. પુણ્યોદયના પ્રભાવથી તે મારો પરાભવ કરી શકયો નહિ. મેં, હિંસા ને વૈશ્વાનરથી ભયંકર બની તેને ભાલાથી હણ્યો. એટલે તેનું સૈન્ય નાસી ગયું.

પછી કનકચૂડની સાથે લડતા વિભાકરના મામા બંગદેશના દ્રુમરાજાને મેં કહ્યું કે : તું સિંહ હોય તો મારી સામે આવી જા. દ્રુમ ક્રોધ કરી મારી સામે આવ્યો. મેં તેને અર્ધચંદ્રખડ્ગથી હણી

નાખ્યો. તેનું સૈન્ય પણ નાસી ગયું. વિભાકરનાં શસ્ત્રો ખુટી જતાં તે તલવાર લઈ રથથી નીચે ઉતર્યો એટલે કનકશેખર પણ નીચે ઉતર્યો. બન્ને યુદ્ધ કરવા લાગ્યા. છેવટે કનકશેખરે વિભાકરને ઘાયલ કરી જમીન પર પાડ્યો. પછી તેની સારવાર કરી બોલ્યો કે: તને ધન્ય છે, ને તારા વડિલોની કીર્તિ ઉજ્જવલ કરી છે. હવે ઉઠ ને લડવા તૈયાર થા! વિભાકર બોલ્યો કે: તમે મને તરવારથી જીત્યો એટલું જ નહિ પણ સુંદર વચનો અને વર્તનથી પણ જીતી લીધો છે, એમ કહી વિમલાનના અને રત્નવતીને પાછી સોંપી ક્ષમા માગી. પછી અમે બન્ને સ્ત્રીઓને લઈને નગરમાં આવી ગયા. આ જીતનું માન મને મળ્યું. મેં વિચાર્યું કે: વૈશ્વાનર ને હિંસાદેવી મારી સાથે ન હોત તો મારી જીત થાત નહિ. તેથી તે બન્નેનો હું ઉપકાર માનવા લાગ્યો. જો કે મારો મિત્ર પુણ્યોદય જ મારી જીતમાં કારણ હોવા છતાં હું તેને ભૂલી ગયો હતો.

કનકચૂડને ચૂતમંજરીથી કનકશેખર પુત્ર થયો હતો, અને બીજી મલયમંજરીથી કનકમંજરી નામે પુત્રી થઈ હતી. તેણીએ મને જોયો કે તુરત જ કામબાણથી વિંધાઈ. મેં પણ તેના સામું મીટ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માંડીને જોયું. અમારા બન્નેનું તારામૈત્રક મારા સારથી તેતલીએ જોયું. તેણે વિચાર્યું કે, આ બન્નેનો સંબંધ થાય તો યોગ્ય ગણાય. પણ રત્નવતીને ઈર્ષ્યા થશે. એમ જાણી રથ ઉતાવળો ચલાવ્યો. હું મારા મહેલે આવી ગયો. પરંતુ મારું હૃદય તો કનકમંજરીમાં જ મૂકતો આવ્યો. આખી રાત કનકમંજરીના વિચારમાં ગાળી.

સવારે તેતલી મારી પાસે આવી કહેવા લાગ્યો કે, આપ શું ચિંતામાં છો ? મેં કહ્યું મને પણ સમજ પડતી નથી. તેતલી બોલ્યો કે : આપને કોઈની નજર લાગી છે. મેં કહ્યું કોની ? તે બોલ્યો કે : રાજકુળની એક મોટી કન્યાની. મેં કહ્યું કે, તારી ધારણા સાચી છે. હવે તેનો ઉપાય બતાવ. તેણે કહ્યું કે, મલયમંજરીની દાસી કપીંજલા આજે સવારે મારા ઘેર આવી કહેવા લાગી કે, મારી શેઠાણીની કનકમંજરી નામે કન્યા નંદીવર્ધનને જોઈને કામજ્વરથી પીડાય છે. હું ને મારી શેઠાણી આ બાબત શું કરવું તે વિચારતા હતા. તેવામાં તેની મોટી દીકરી મણિમંજરી હસતા મોઢે આવી. મેં તેને હસવાનું કારણ પૂછતાં તેણીએ કહ્યું કે, હું પિતાજી પાસે હમણાં ગઈ. તેમણે મને ખોળામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બેસાડી, તે વખતે કનકશેખર પણ પિતાજી પાસે બેઠો હતો. તેને પિતાજીએ કહ્યું કે: નંદીવર્ધને હમ અને સમરસેનને મારી આપણી પર ઉપકાર કર્યો છે. તો મારો વિચાર છે કે કનકમંજરી નંદીવર્ધનને આપવી. આ મણિમંજરીને તો તેના મોટા ભાઈને અગાઉ આપી છે તો બન્ને બ્હેનો સાથે રહેશે.

આ સાંભળી કનકશેખરે કહ્યું કે, આપનો વિચાર ઉત્તમ છે. મને પણ ઘણો હર્ષ થવાથી તમને કહેવા માટે આવી છું. પછી મેં મલયમંજરીને કહ્યું કે, નંદીવર્ધનનો વહાલો સારથી તેતલી છે. હું તેની પાસે જઇ કોઇ પણ ઉપાયે કનકમંજરી અને નંદીવર્ધનનો મેળાપ કરાવીશ. એમ કહી તમારી પાસે આવી છું. મેં કપિંજલાને કહ્યું કે, તમો બન્ને રતિમન્મથ વનમાં આવો. હું નંદીવર્ધનને લઇને ત્યાં આવી જઇશ. મને તેતલીએ આ વાત કહી. તેથી હર્ષ પામી મેં મારા દાગીના તેને પહેરાવી દીધા. તેટલામાં રાજાએ મોકલેલો વિમલ કારભારી આવી મને કહેવા લાગ્યો કે, રાજાની ઇચ્છા કનકમંજરી તમને પરણાવવાની છે. તો તમે હા પાડો. તેતલીની પ્રેરણાથી મેં તેનું વચન સ્વીકાર્યું એટલે વિમલ ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી અમે બન્ને રતિમન્મથ વનમાં ગયા. ત્યાં કોઈ દેખાયું નહિ. તેતલી અને હું બન્ને જુદી-જુદી દિશામાં તપાસ કરવા લાગ્યા. ત્યાં લતાકુંજમાં ઝાંઝરનો શબ્દ સાંભળી ગયો તો અવાજ આવતાં ધ્યાન દઈને સાંભળ્યું કે, હે વનદેવતાઓ ! તમારી સાક્ષીએ હું કહું છું કે તેતલીએ નંદીવર્ધનને લાવવાની કબુલાત કરી હતી. તે બન્ને હજુ સુધી આવ્યા નહિ. તેમજ હું તેમને શોધી લાવું તેમ કહી કપિંજલા ગઇ તે પણ હજુ આવી નથી તો મારે જીવવાથી સર્યું. તે જ ભર્તાર મને જન્માંતરમાં મળજો. એમ કહી ગળા ફાંસો ખાતી કનકમંજરીને મેં જોઇ. મેં તેનો પાશ છેદી આશ્વાસન આપી કહ્યું કે : હું તારે સ્વાધીન છતાં આવું સાહસ કેમ કર્યું ? મારાં દર્શનથી તે અમૃતરસથી સિંચાઇ હોય તેમ સ્વસ્થ થઇ. એટલામાં કપિંજલા તેતલી સાથે અમારી પાસે આવી. અમને જોઇ તે બન્ને હર્ષ પામ્યાં. તે પછી કન્યા અંતઃપુરનો નાંઝર ચૌગંધરે આવી કનકમંજરીને કહ્યું કે "પિતાજી તમને બોલાવે છે." કનકમંજરી કપિંજલાની સાથે ગઇ તેને યાદ કરતો હું પણ ઘેર ગયો. પાછલે પહોરે કદલિકા આવી બોલી કે આજે ગોરજ વખતે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમારૂં લગ્નનું મુહૂર્ત છે. એમ રાજાએ કહેવરાવ્યું છે. હું ખુશ થયો. લગ્ન થયા પછી હું રત્નવતી તથા કનકમંજરી સાથે ભોગસુખ ભોગવવા લાગ્યો. વિભાકર અમારો સ્નેહી બની ગયો. રાજાએ તેને માનપૂર્વક તેના સ્થળે પહોંચાડી દીધો. હિંસાને વૈશ્વાનરને હું પ્રાણથી અધિક માનતો. શિકારનો વ્યસની બન્યો. મારું આચરણ કનકશેખરને ગમ્યું નહિ. તેણે કનકચૂડને મારી હકીકત કહી.

એક દિવસ સભામાં બેઠેલા રાજાએ મારી પ્રશંસા કરી ત્યારે કનકશેખર બોલ્યો કે પિતાજી! નંદીવર્ધનને આપ વખાણો છો તે બરાબર છે. પરંતુ વૈશ્વાનર અને હિંસાની દુષ્ટ સંગતથી તેઓ શિકારના વ્યસની બન્યા છે. તે સારૂં નથી. રાજાએ કહ્યું "જો એમ છે તો તેનો ત્યાગ કુમારે કરવો જોઇએ. આ સાંભળી હું ક્રોધ કરી બોલ્યો કે "અરે દુષ્ટો! જેના પ્રભાવથી મેં તમારા રાજ્યનું રક્ષણ કર્યું તેનો ત્યાગ કરવાની મને શીખામણ આપનાર તમે કોણ છો? એમ કહી મેં છરી ઉગામી કહ્યું કેઃ ઘરમાં બેસી બડાઈ મારનારા તમો બન્ને મેદાનમાં મારી સામે હથિયાર સજી આવો. તો વૈશ્વાનર ને હિંસાનું પરાક્રમ તમને બતાવું, આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાંભળી બીજા બધા નાસી ગયા પણ કનકશેખર ને કનકચૂડરાજા તો આશ્ચર્ય પામી હસવા લાગ્યા. તેઓના પુણ્યબળને લીધે હું તેમને કંઈ કરી શકયો નહિ અને સભામાંથી ઉઠીને મારે ઘેર ગયો. ત્યારથી અમારો સંબંધ તૂટી ગયો.

પછી એક દિવસ દારૂક નામના દૂતે આવી મને કહ્યું કે "આપના પિતાજી ઉપર આફત આવી પડી છે. બંગદેશનો યવનરાજા જયસ્થલ નગર ઉપર ઘેરો ઘાલી બેઠો છે. તેથી પ્રધાનોએ આપને તેડાવ્યા છે. હું મણિમંજરી અને કનકમંજરીની સાથે સૈન્ય લઈ જયસ્થળ નગરે આવી ગયો. યવનના લશ્કરથી મારૂં સૈન્ય હારીને નાસી ગયું. એટલે હું એકલો યુદ્ધ કરવા લાગ્યો. યવનરાજા મારી સામે આવ્યો. મેં તેનું મસ્તક છેદી નાખ્યું. તેથી તેનું લશ્કર નાસી ગયું અને મારૂં લશ્કર પાછું આવ્યું. દેવોએ મારા પર પુષ્પવૃષ્ટિ કરી.

મારા પિતાજીએ નગરમાંથી આવી મારા મસ્તક પર ચુંબન કર્યું. મારી માતાએ પણ મને ચુંબન કર્યું. પછી હું વૈશ્વાનર અને હિંસાને વખાણવા લાગ્યો અને શિકાર કરવા લાગ્યો. પિતાજીને ખબર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પડતાં તેમણે વિદુરને કહ્યું કે: કુમારને હિંસા ને વૈશ્વાનરની સોબત તજાવી દેવી. વિદુર બોલ્યો કે આ અંતરંગ વસ્તુ છે. તેમાં જૈન નિમિત્તિઆને પૂછવું જોઈએ.

નિમિત્તિઆને બોલાવી પૂછતાં તે બોલ્યો કે "શુભાશય રાજાને સ્થિરતા અને પ્રશાંતતા નામે બે રાણી છે. તેમાં પ્રશાંતતાની દયા નામે અતિશય રૂપવાળી પુત્રી છે. પ્રાણીઓને અભયદાન આપનારૂં તેનું મુખ છે. વિવેક ને જ્ઞાનરૂપી બે આંખો છે. ઉત્તમદાન અને દુ:ખના નાશરૂપ બે દૃઢ સ્તન છે. સમતારૂપી જઘન સ્થળ છે. દમતારૂપ નાભી છે. ધર્માધર્મની પરીક્ષારૂપ બે સાથળ છે. તે જ્યારે નંદીવર્ધનને પરણશે ત્યારે હિંસા ચાલી જશે.

રાજા બોલ્યો કે: કયારે પરણશે ? નિમિત્તિઆએ કહ્યું કે "કર્મરાજા પોતાની બહેન લોક સ્થિતિને પૂછીને પોતાની રાણી કાળપરિણતિની બુદ્ધિપૂર્વક વિચારીને તે કાર્ય માટે સ્વભાવ નામના અધિકારીને કહેશે તથા હંમેશાં તેના કહેવા પ્રમાણે ચાલનારી ભવિતવ્યતા નામની સ્ત્રીને ગુપ્ત રીતે રાજી કરશે અને પોતાના પરિવારની અનુમતિ લઈને પોતાની મેળે જ શુભાશય પાસેથી અપાવશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે જ તે દયા કુમારને પરણશે. માટે હાલ મૌન રહેવું હિતકારક છે.

આ સાંભળી રાજાએ તેને રજા આપી. કેટલાક દિવસ પછી રાજાએ મને યુવરાજ પદવી આપવાનો વિચાર કર્યો તેમાં બધા સમ્મત થતાં મને બોલાવ્યો. તે વખતે અરિદમન રાજાનો દૂત આવતાં રાજાએ પ્રતિહારીના કહેવાથી અંદર પ્રવેશ કરાવ્યો. તેણે આવીને કહ્યું કે શાર્દૂલનગરના અમારા રાજા અરિદમનને રતિચૂલા પટરાણીથી મદનમંજુષા નામે પુત્રીએ નંદીવર્ધનના ગુણો સાંભળી તેને પરણવાનો નિશ્ચય કર્યો છે, માટે આપ નંદીવર્ધનને પરણવા મોકલો.

મેં દૂતને પૂછયું કેઃ તારૂં નગર કેટલું દૂર છે. તે બોલ્યો કે દોઢસો યોજન છે. મેં કહ્યું કેઃ તેથી બે ગાઉ ઓછું છે. તે બોલ્યો તમારી વાત ખોટી છે. મેં કહ્યું: તે બરાબર છે. પછી મેં કહ્યું કે તું મને જુઠો પાડે છે. એમ કહી તેના તલવારથી બે ટુકડા કરી નાખ્યા. અરે પુત્ર! આ શું અકાર્ય કર્યું એમ કહી મારા પિતા મારી સામે આવ્યા. તેમને પણ દુષ્ટ જાણી મારી નાખ્યા. મારી



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માતા રડતી રડતી તલવાર ઝુટવવા આવી. તેને પણ મેં મારી નાખી ત્યારે પોકાર કરતો મોટો ભાઈ શીલવર્ધન ને તેની સ્ત્રી મણિમંજરી તથા મારી બન્ને સ્ત્રીઓ રત્નવતી અને કનકમંજરીને પણ મારી નાખ્યા. મારૂં ધોતીયું કેડ પરથી નીકળી ગયું ને દુપટ્ટો પણ પડી ગયો. તેથી હું નગ્ન બની વીખરાએલા વાળવાળો પ્રેત જેવો બની ગયો. મને જોઈને છોકરાઓ હસવા લાગ્યા. તેઓને મારવા હું દોડયો. પણ ઘણા લોકોએ ભેગા થઈ મને પકડી લીધો. અને મારા હાથમાંથી તલવાર પડાવી લીધી.

પછી મને બાંધીને ઓરડામાં પૂર્યો. નારકી સરખી ભૂખ, તરસ, તાપ, ડાંસ-મચ્છરની વેદના ભોગવતો એક માસ સુધી રહ્યો. કંઈક નિંદ્રા આવતાં ઉંદરોએ મારૂં બંધન છેદ્યું. હું હર્ષ પામ્યો ને બહાર નીકળ્યો તો સર્વ રાજકુલ ઊંઘતું જોઈ આ સર્વ મારા વૈરીઓ છે અને વૈશ્વાનર ને હિંસા મારા ઉપકારી માનતો, તેમની જ પ્રેરણાથી અગ્નિકુંડમાંથી અગ્નિ સર્વ જગાએ નાખતો હું ત્યાંથી નાસી ગયો.

કાંટાથી વિંધાયેલો હું મોટા જંગલમાં ચાલતો ઉંધે માથે પડયો. મારૂં શરીર ચીરાઈ ગયું. ત્યાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહેલા ચોરોએ મને બાંધી કનકપુરની નજીક ભીમ-નિકેતન પલ્લીમાં લઈ ગયા અને રણધીર પલ્લી-પતિને સોંપ્યો. તે બોલ્યો કેઃ આને વેચવા માટે પુષ્ટ બનાવો. પછી એક ચોર મને તેના ઘેર લઈ ગયો. હું તેને ગાળો દેવા લાગ્યો. એટલે તેણે મને ખૂબ માર્યો ને તુચ્છ ભોજન ખાવા આપ્યું. થોડા દિવસ પછી રણધીરે તેને પૂછ્યું કેઃ પેલો માણસ કેમ છે ? તેણે કહ્યું કેઃ હજુ પુષ્ટ થયો નથી.

એવામાં કનકપુરથી સૈન્ય આવતાં ચોરો નાસી ગયા. પલ્લીનો નાશ કરી હજારો કેદીઓને પકડી ત્યાંના રાજા વિભાકર પાસે લાવ્યા. તેમાં હું પણ હતો. મને વિભાકરે ઓળખી કાઢયો. પછી હર્ષથી મને તેના અર્ધા આસન પર બેસાડી સર્વ વૃત્તાંત પૂછયો. મેં પણ સર્વ સત્ય બીના કહી. તે બોલ્યો કેઃ તારા આ અકાર્યથી તારે નરકનાં દુઃખો ભોગ-વવાં પડશે. આ બધું હિંસા અને વૈશ્વાનરની સંગ-તનું ફળ છે આવું કહેતા વિભાકરને મેં મારો શત્રુરૂપ જાણ્યો. અને તેને મારી નાખવાનો વિચાર કરવા લાગ્યો.

એક વખત અમો સભામાં બેઠા હતા ત્યારે મતિશેખર આવીને બોલ્યો કે પ્રભાકર દેવલોક

P. P. Ac. Gunratansuriji M.S.                Jin Gun Aaradhak Trust

પામ્યા. તેથી વિભાકર બહુ દુઃખી થયો અને મને કહ્યું કે પિતાજીનું રાજ્ય તું ભોગવ, હું વૈશ્વાનરના વિકારથી મૌન રહ્યો. રાત્રે વિભાકર મારી સાથે સુતો. તે વિશ્વાસીને મેં દુષ્ટે ઉઠીને પાડી નાખ્યો. ત્યાંથી વેશ બદલી હું નાસીને કુશાવર્ત નગરના ઉદ્યાનમાં આવ્યો. મારી ખબર મળતાં કનકશેખર પિતા સહિત મને મળવા આવ્યો. મને એકાકી જોઈ તે મારી હકીકત પૂછવા લાગ્યો. મેં તેને અરૂચી થવાના ભયથી કહ્યું નહિં તે બોલ્યો કેઃ તારે મને અવશ્ય કહેવું પડશે એટલે મેં ક્રોધથી તેની કેડેથી તલવાર ખેંચી તેને મારવા લાગ્યો. પણ તેના પુણ્યોદયે તે બચી ગયો અને વનદેવતાએ મને સ્તબ્ધ કરી લોકોના દેખતાં આકાશમાં ઉછાળ્યો.

પછી હું અંબરીષોના સંધિદેશ પ્રતે પહોંચ્યો. ચોરો મને ઓળખી ગયા. મારા પગે પડી મારો વૃત્તાંત પૂછયો. હું બોલી શકયો નહિ. વનદેવતાએ મને સ્થંભિત કર્યો તેથી બેસી પણ શકયો નહિ. તે ચોરોએ વિચાર્યું કેઃ જેણે આપણા સ્વામીને માર્યા છે તે આપણો શત્રુ જ છે. છતાં શરણે આવેલાને મરાય નહિ, તેમ અહીં રાખી શકાય પણ નહિ. તેથી મને ગાડીમાં નાંખી બાર યોજન છેટે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવેલ શાર્દુલનગરના મલય નામના ઉદ્યાનમાં છોડી દીધો. ત્યાં સુગંધી વાયુ પ્રસરવા લાગ્યો. જાતિ વૈરવાળા પ્રાણીઓ વૈર છોડી ત્યાં રહ્યા હતા અને છએ ઋતુ સમકાળે ફળી હતી. દેવોએ આવી સુવર્ણ-કમળ રચ્યું. ત્યાં આવીને કેવળજ્ઞાની એવા વિવેકાચાર્ય બેઠા. ગુરુએ દેશનાનો પ્રારંભ કર્યો. હું પણ દેશના સાંભળવા બેઠો.

તે વખતે હિંસા ને વૈશ્વાનર મારાથી દૂર જઇને બેઠા. તેટલામાં અરિદમનરાજા રતિચૂલારાણી ને મદનમંજુષા પણ આવ્યાં. દેશનાને અંતે રાજાએ પૂછયું કેઃ મેં નંદીવર્ધનને આ મારી મદનમંજુષા આપવા કારભારીને પદ્મરાજા પાસે મોકલ્યો હતો. તેના હજુ સુધી કંઇ સમાચાર મળ્યા નથી પણ જયસ્થળનગર બળી ગયાના સમાચાર મળ્યા છે તો શું બન્યું તે આપ જણાવો ! કેવળજ્ઞાની પ્રભુએ કહ્યું કેઃ હે રાજન્ ! આ બાંધેલા મુખવાળા અને હાથના બંધનથી નિયંત્રિત થએલા જે માણસને તું જુએ છે તે તારો જમાઈ નંદીવર્ધન છે અને તેણે જ જયસ્થળનગરને બાળ્યું છે. એમ કહી તેનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. પછી રાજાએ પૂછયું કેઃ તેને તો અમે બહુ ગુણવાન સાંભળ્યો હતો તો આવું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અકાર્ય કેમ કર્યું ? આચાર્યદેવ બોલ્યા કે નંદીવર્ધન સ્વભાવથી તો ગુણવાન છે. પણ આ દૂર જે બે મનુષ્યો દેખાય છે તેમનો જ આ સર્વ દોષ છે. રાજાએ તે સ્ત્રી પુરુષને જોઈ તેનું સ્વરૂપ પૂછતાં ગુરુએ કહ્યું કેઃ આ મહામોહરાજાના દ્વેષગજેન્દ્ર પુત્રનો અવિવેકીતાથી ઉત્પન્ન થએલો ક્રોધ નામનો પુત્ર છે. તેના એવા ગુણથી તેનું વૈશ્વાનર એવું હુલામણું નામ પાડયું છે. અને આ હિંસા દુરાશયને નિઃકરૂણતાની દીકરી છે. નંદીવર્ધન તો જ્ઞાન,દર્શન, ચારિત્ર અને વીર્યરૂપ આત્મગુણોનું સ્થાનક છે. પણ આ બન્નેના સંબંધથી તે અત્યંત બગડે છે. રાજા બોલ્યા કે "શું પહેલા તેઓ તેની પાસે ન હતા ? ગુરુએ કહ્યું કે પહેલા પણ હતા પરંતુ પુણ્યોદય મિત્રના કારણે તેને સમૃદ્ધિ મળતી હતી. હમણાં તે રીસાઈ ગયો છે. દરેક જીવને ત્રણ ત્રણ કુટુંબો હોય છે તેમાં પુણ્યોદય, ક્ષમા, સંતોષ, સત્ય, જ્ઞાનદર્શન ચારિત્રાદિ પહેલું કુટુંબ છે. ક્રોધ, શોક, અરતિ, માન, માયા, ભયાદિક બીજું કુટુંબ છે તથા શરીર તેના હેતુભૂત સ્ત્રી પુત્રાદિ ત્રીજું કુટુંબ છે. પહેલું કુટુંબ મોક્ષ દેનારૂં છે. બીજું નીચી ગતિને આપનારૂં છે. ત્રીજું ઇચ્છા મુજબ વર્તનારૂં ઉપાધિથી ઉત્પન્ન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થયેલું છે. પહેલું કુટુંબ બીજા કુટુંબને મારીને મોક્ષે પહોંચાડે છે. જેમકે વિવેક મહામોહને, વૈરાગ્ય રાગને, મૈત્રીભાવના દ્વેષને, ક્ષમા ક્રોધને, માર્દવતા માનને, આર્જવતા માયાને અને સંતોષ લોભને હણે છે. બ્રહ્મચર્ય કામદેવને, બુદ્ધિ શોકને, ધીરજ-ભયને, દમતા બાકી રહેલાં હાસ્ય રતિ જુગુપ્સાદિને હણે છે. ત્રીજા કુટુંબને તજ્યા વિના બીજા કુટુંબને જીતી શકાતું નથી.

આ સાંભળી રાજાએ વૈરાગ્ય પામી પોતાના શ્રીધર નામે પુત્રને રાજ્ય સોંપી ઘણા લોકોની સાથે દીક્ષા લીધી. પરંતુ મને ગુરુનું વચન રૂચ્યું નહિ. હિંસા ને વૈશ્વાનર મારી પાસે આવતાં મેં વિચાર કર્યો કેઃ આ સાધુએ મને સભામાં વગોવ્યો તો મારે અહિં રહેવાનું શું કામ છે એમ વિચારી હું વિજયપુર તરફ ગયો. માર્ગમાં ધરાધર નામે વટે-માર્ગુ મળ્યો. તે પણ મારા જેવો જ હતો. તેના પિતા શિખરીરાજાએ તેને વિજયપુરમાંથી કાઢી મુકયો હતો. મેં તેને વિજયપુરનો માર્ગ પૂછયો. તેણે કંઇ જવાબ ન આપ્યો એટલે મેં તેના સામે તલવાર ખેંચી તે જોઇ તેણે પણ તલવાર કાઢી.

અમો બન્ને પરસ્પર લડીને મૃત્યુ પામ્યા ને

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

સાતમી નરકમાં ઉત્પન્ન થયા. ત્યાં પરસ્પર તેત્રીસ સાગરોપમ દુઃખ ભોગવી બીજી ગોળી મળતાં મત્સ્ય થયા ત્યાં પરસ્પર લડીને છઠ્ઠી નરકમાં બાવીશ સાગરોપમના આયુષ્યે ઉત્પન્ન થયા. ત્યાં પણ પરસ્પર લડીને ગર્ભજ સર્પ થયા. ત્યાં પણ પરસ્પર લડીને પાંચમી નરકે ગયા. ત્યાં સત્તર સાગરોપમ પરસ્પર લડીને સિંહ થયા. ત્યાં પણ પરસ્પર લડીને ચોથી નરકે દશ સાગરોપમના આયુષ્યે ઉત્પન્ન થયા. ત્યાં પણ પરસ્પર લડતા અમો બન્ને બાજપક્ષી થયા. ત્યાં પરસ્પરના વૈરથી ત્રીજી નરકે ગયા. ત્યાં સાત સાગરોપમ પરસ્પર લડીને નોળીઆ થયા. ત્યાં પરસ્પરના વૈરથી બીજી નરકે ત્રણ સાગરોપમના આયુષ્યે ઉત્પન્ન થયા. ત્યાંથી નીકળી હું શ્વેત-પુરમાં ભરવાડપણે ઉત્પન્ન થયો. ત્યાં મારો ક્રોધ કંઈક શાંત થતાં દાન દેવાની રૂચિવાળો થયો. પણ શીલ કે તપરૂપી ધર્મ કરી શકયો નહિ.

પછી ભવિતવ્યતા મને સિદ્ધાર્થનગરમાં લઈ ગઈ. મને કહ્યું કે "તારો મિત્ર પુણ્યોદય તને યશ લક્ષ્મી અપાવશે. તે નગરના નરવાહનરાજાની વિમળ માલતી નામે પટ્ટરાણીની કુખે રિપુદારણ નામે પુત્ર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણે હું ઉત્પન્ન થયો. નંદીવર્ધનના ભવમાં મારી જે ધાવ માતા અવિવેકીતા હતી તે ફરીને દ્વેષના સંગથી ગર્ભવતી થઇ, અહિં આવી હતી. મારા જન્મ વખતે તેણે શૈલરાજ પુત્રને જન્મ આપ્યો. પાંચ છ વર્ષ પછી હું તેને ઓળખતો થયો. તેને હું બ્રહ્માથી પણ અધિક માનવા લાગ્યો. કારણ કે તે બ્રહ્મા કરતાં બમણા એટલે આઠ મુખવાળો દુષ્ટ અને ઉદ્ધત હતો. તેણે મારા શરીરને આલિંગન કર્યું. તેથી મને અલૌકિક શક્તિ થઇ. મારી મોટાઇ જગતમાં ફેલાવા લાગી. શૈલરાજની સોબતથી હું માતા પિતાને પણ નમન કરતો નહિ. પિતાએ બીજાઓને કહ્યું કેઃ "કુમારની આજ્ઞા બરાબર પાળવી નહિતર તે અભિમાની નુકશાન કરી બેસશે. હું આ બધો પ્રતાપ પુણ્યોદયને બદલે શૈલરાજનો માનતો અને તેના વખાણ કરતો. તે જોઇ તેણે મને સ્તબ્ધચિત્ત નામનું વિલેપન આપ્યું. તેના પ્રભાવથી હું અક્કડ ને સ્તબ્ધ બન્યો.

એક દિવસ હું સંકૂલિષ્ટ ચિત્તનામે અંતરંગ-નગરમાં ગયો ત્યાંના કિલષ્ટાશય નામે રાજાનો હીનતા રાણીથી ઉત્પન્ન થએલો મૃષાવાદ નામે પુત્ર મારી દૃષ્ટિએ પડયો. મેં તેને બંધુની જેમ આલિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગન કર્યું. તેના સંગથી હું સત્યને અસત્ય અને અસત્યને સત્ય કહેવા લાગ્યો. પિતાજીએ મને કલાચાર્યને ત્યાં અભ્યાસ કરવા મુકયો. અને તેને કહ્યું કે કુમાર તમારો કદાચ વિનય ન સાચવે તો ઉદ્વેગ ન કરવો. ગુરુ મને રાજકુમાર જાણી આદરપૂર્વક ભણાવતા હતા. આવા અવિનયથી કલાચાર્યે વિચાર્યું કે આને વિદ્યા પચશે નહિ કે ચઢશે નહિ. મને અયોગ્ય જાણી વિરક્ત થયા. પણ મારા પુણ્યોદયથી મારો પરાભવ કરી શકયા નહિ.

એક વખત આચાર્ય બહાર ગયા ત્યારે હું તેમના આસન પર ચઢી બેઠો. બીજા રાજકુમારોએ મને કહ્યું કે "ગુરુના આસન પર બેસવાથી આયુષ્ય ઓછું થાય અને અપયશ તેમજ પાપની વૃદ્ધિ થાય. મેં તેઓને કહ્યું કેઃ મૂર્ખાઓ! તમે મને શિખામણ દેનાર કોણ છો? તમારા કુટુંબને શિખામણ આપો. આ સાંભળી તેઓ મૌન થઈ ગયા. રાજકુમારોએ કલાચાર્યને મારી ફરીયાદ કરી. કલાચાર્યે મને ઠપકો આપ્યો. મેં કહ્યું કેઃ તેઓ જુઠું બોલે છે. પછી એક વખત મને નેતરની ખુરશી પર બેઠેલો જોઈ ગુરુએ ઠપકો આપ્યો. રાજકુમારોએ કહ્યું કેઃ આને અમારી સાથે રાખશો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહિ. ગુરુએ મને કહ્યું કે: કુમાર! મારી શાળામાં તારા જેવાનું સ્થાન નથી. તું શૈલરાજ તથા મૃષાવાદ જેવા પાપી મિત્રોની સોબત મુકી દે. મેં કહ્યું કે: તે સ્થાન તારા બાપને આપ હું બીજે ભણીશ એમ કહી હું ત્યાંથી ચાલતો થયો ને પિતા પાસે આવ્યો. તેમણે મને પૂછયું કે: કેટલું ભણવાનું બાકી છે? હું બોલ્યો કે: બધું ભણી ગયો છું. હવે કંઈ બાકી નથી. ત્યારે તે બોલ્યા કે: તો પૂર્વે શીખેલું પાકું કર. એમ કહી કલાચાર્યને ઘણું ધન મોકલી આપ્યું. તેથી કલાચાર્યે પિતાને ખેદ ન થાય માટે મારું આચરણ તેમને કહ્યું નહિ. પિતાએ મને કલાચાર્યને ત્યાં રહેવા કહ્યું. હું બહુ સારૂં કહી ત્યાંથી નિકળ્યો.

મેં મૃષાવાદને કહ્યું કે: આવી ચતુરાઈ તારામાં કયાંથી આવી? તે બોલ્યો કે, રાજસચિત્ત નામે નગરમાં રાગકેશરી રાજાને મૂઢતા નામે રાણીથી માયા નામે દીકરી છે તેને મેં પ્રેમથી બ્હેન ગણીને સ્વીકારી છે. તેણીના ઉપદેશથી મારામાં ચતુરાઈ આવી છે. મેં કહ્યું મને પણ તારી બ્હેન દેખાડજે. તે બોલ્યો જરૂર દેખાડીશ. પછી હું જુગારખાનામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ને વેશ્યાના ઘરોમાં વિલાસ કરવા લાગ્યો. એ રીતે પિતાને મોઢું બતાવ્યા વિના બાર વર્ષ વિતાવ્યાં.

હવે હું યૌવન અવસ્થાને પામ્યો. નરકેશરી-રાજાની વસુંધરા રાણીથી થએલી નરસુંદરી નામે કન્યાએ યૌવનાવસ્થામાં આવતાં એવો નિશ્ચ કર્યો કે મારાથી અધિક ગુણવાળા વરને મારે વરવો. નર-કેશરીરાજાએ મને અધિક ગુણવાળો જાણી વિચાર્યું કે રિપુદારણ જો તેનો ભર્તાર થાય તો સરખે સરખું જોડું થાય, એમ વિચારી તેણીને લઈ તે રાજા સિદ્ધાર્થ નગરમાં મારા પિતા પાસે આવ્યો. પિતાએ તેમને રહેવા સુંદર આવાસ આપ્યો. અને કન્યા તથા વરના ગુણોની પરીક્ષા કરવા સભા ભરી. પિતાએ સર્વેને તેડાવી મંડપમાં યોગ્ય સ્થળે બેસાડચા. પછી કલાચાર્યની સાથે મને પણ તેડાવ્યો. નરકેશરી રાજા ને નરસુંદરી પણ આવી. હવે નર-કેશરી રાજાએ નરસુંદરીને કહ્યું કેઃ તું રિપુદારણને તારી ઇચ્છા મુજબ કલાસંબંધી પ્રશ્ન પૂછ? તેણીએ કહ્યું કેઃ ગુરુજનની આગળ મારે પ્રશ્ન પૂછવો ઠીક નથી. પણ તેઓ સઘળી કલાનો પાઠ બોલી જાય તેમાં જે પૂછવા જેવું લાગશે તે પૂછીશ. પિતાએ મને કહ્યું કેઃ રાજપુત્રીનો આ વિચાર સારો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે તું સર્વ કલાઓનો પાઠ બોલી જા. હું અભ્યાસ વગર કંઈ બોલી શક્યો નહિ. તેથી પિતાજીએ કલાચાર્ય સામે જોયું. કલાચાર્ય કાનમાં બોલ્યા કે: અજ્ઞાનપણાથી તેને ક્ષોભ થયો છે. રાજાએ કહ્યું સર્વ કલા જાણનારામાં અજ્ઞાન ક્યાંથી? કલાચાર્ય બોલ્યા તે બે કલામાં કુશળ છે, એક અવિનય અને બીજું જૂઠ. પિતા બોલ્યા કે: તમે આવું જાણતાં છતાં તેને સભામાં કેમ લાવ્યા. કલાચાર્ય બોલ્યા કે હું લાવ્યો નથી. તેને મારા ઘેરથી નિકળે બાર વર્ષ વીતી ગયાં છે. આ સાંભળી રાજાને બહુ ખેદ થયો. મેં વિચાર્યું કે પિતાજી મને પરાણે બોલવાનું કહેશે તો હવે મારે શું કરવું એવા ડરથી હું સ્તબ્ધ બની ગયો મારી સ્થિતિ મરવા જેવી થઈ ગઇ. શ્વાસોચ્છ્વાસ રૂંધાઈ ગયો. આ જોઈ મારી માતા મને વળગી પડી, કુમારને શરીરે ઠીક નથી એમ કહી પિતાજીએ સભા બરખાસ્ત કરી.

મારો પુણ્યોદય જાગૃત થતાં તેણે મારા પિતાને રાત્રે સ્વપ્નમાં આવી કહ્યું કે: હું તમારા પુત્રને તે કન્યા અપાવીશ. અને નરકેશરીને એવી બુદ્ધિ આપી કે નરવાહન રાજા ગુણોથી પ્રખ્યાત છે. તમો તેના પુત્રને કન્યા આપવા આવ્યા છો. તો હવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપ્યા વિના જવું તે ઠીક નથી આથી તો બન્ને પક્ષની નાલેશી થશે. આવો અભિપ્રાય તેણે નરસુંદરીને કહ્યો, તેણીએ પણ તે વાત સ્વિકારી. સવારે નરકેશરી રાજાએ પિતાને કહ્યું કે: મારી કન્યા રિપુદારણ કુમારને જ યોગ્ય છે માટે લગ્નનું મુહૂર્ત જોવડાવો. આ સાંભળી પિતાએ શુભમુહૂર્તે મને નરસુંદરી સાથે પરણાવ્યો. નરકેશરી રાજા હર્ષિત થઈ પોતાને સ્થાને ગયો. હું નરસુંદરી સાથે ભોગ ભોગવતો સુખે રહેવા લાગ્યો તે શૈલરાજ અને મૃષાવાદને ગમ્યું નહીં.

એક દિવસ નરસુંદરીએ મને પૂછયું કે: આપ સભામાં તે વખતે કેમ પાઠ બોલ્યા નહિ? હું બોલ્યો કે: મને માતા પિતાએ મુંઝવી નાખ્યો એટલે બોલી શકયો નહિ. તેણી બોલી કે: હવે તે પાઠ બોલી જાઓ. હું બોલ્યો: શું તું મને મૂર્ખ સમજે છે. તું મારી દષ્ટિથી દૂરથા અને જે પંડિત હોય તેની પાસે જા હવે તારો અને મારો મેળ જામશે નહિ.

તે દુઃખી બનીને મારી માતા પાસે ગઈ. અને મારી બધી હકીકત કહી. તેથી મારી માતા મારી પાસે આવી કહેવા લાગી કે: તેં આ નરસુંદરીને

કઠોર વચનોથી તરછોડી તે ઠીક કર્યું નથી. તે ભોળી સ્ત્રીએ તારો જે અપરાધ કર્યો હોય તેની તારે ક્ષમા આપવી. મેં શૈલરાજને વશ થઇને કહ્યું કે: હે માતા! તારે તે દુષ્ટ સ્ત્રી સાથે સલાહ કરાવવી નહિ. તે પોતાને પંડિત ને મને મૂર્ખ સમજે છે.

પછી મારી માતા તેણીની પાસે જઇ કહેવા લાગી કે: તું પોતે તારા પતિને નરમાશથી સમજાવ. તેણી મારી પાસે રડતી રડતી આવી. મારા પગમાં પડી પોતાનો અપરાધ ખમાવવા લાગી. છતાં શૈલરાજને વશ થયેલો હું કહેવા લાગ્યો કે: અરે દુષ્ટા! તારી માયાથી સર્યું. મારે તારૂં કામ નથી. આ સાંભળી તેણી આપઘાત કરવા જવા લાગી. હું તેની પછવાડે જોવા માટે ગયો. તો તેણી ગળા ફાંસો નાખી બોલવા લાગી કે હે દિક્પાલો! મારા પ્રાણોને તમો સ્વિકારો જન્માંતરમાં પણ મારા આવા હાલ હવાલ ન થજો. મેં તેનો ઉલટો અર્થ કર્યો કે જન્માંતરમાં પણ તે મારો સંબંધ ઇચ્છતી નથી તેથી હું મૌન રહ્યો. તેણી ગળા ફાંસો ખાઇ મરણ પામી. મને તેણીની પાછળ જતો જોઈ મારી માતા પણ ત્યાં આવી અને નરસુંદરીની આવી દશા મેં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી એમ માની મારી માતાએ પણ પ્રાણ ત્યાગ કર્યો. મારી માતાને શોધવા કદલીકા દાસી આવી. તે આ જોઈ પોકાર કરવા લાગી એટલે પિતાજી સહિત આખું નગર એકઠું થયું મને ત્યાં ઉભેલો જોઈ આ ઘોર કૃત્ય કરનાર દુષ્ટ પુત્રનું મારે પ્રયોજન નથી એમ કહી મને ઘરમાંથી કાઢી મુકયો.

હું દુઃખી થયો થકો નગરમાં ભટકવા લાગ્યોઃ બાળકો મારી પાછળ હસવા લાગ્યાં. લોકોથી નિંદીત થતો હું વિચારવા લાગ્યો કે જીવતો નર ભદ્રા પામે એ વિચારથી તે નગરમાં કોઈ સ્થળે રહી દિવસો વિતાવવા લાગ્યો.

એક વખત રાજા અશ્વક્રિડા નિમિત્તે વનમાં ગયો. હું પણ કુતુહલથી નગરના લોકો સાથે ગયો. રાજા થાકીને એક જગાએ વીસામો લેવા બેઠા પછી સામંતો સહિત ઉઠીને વનમાં ફરવા લાગ્યાં. ત્યાં ધર્મદેશના આપતા વિચક્ષણ નામે આચાર્ય મહારાજ ને જોયા. તેમને વંદન કરી રાજા પરિવાર સાથે ત્યાં બેઠા. મેં અક્કડતાથી વંદન કર્યું નહિ. પણ કુતુહલથી સાંભળવા બેઠો. દેશનાને અંતે રાજાએ પૂછયું કેઃ આપને વૈરાગ્યનું શું કારણ બન્યું ? તે બોલ્યા કેઃ ભૂતળ નામે નગરમાં મલસંચય નામે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાને માલાંકિત નામે રાણીથી જગતને હર્ષ કરનાર શુભોદય નામે પુત્ર થયો અને જગતને સંતાપ કરનાર અશુભોદય નામે બીજો પુત્ર થયો. શુભોદયને સુખ આપનારી ચારૂતા નામે સ્ત્રીથીહું વિચક્ષણ નામે પુત્ર થયો. અશુભોદયને અચારૂતા સ્ત્રીથી જડ પુત્ર થયો.

હું ગંભીર, શાંત, દાંત, ગુરુજનોની ભક્તિ કરનારો, દાનેશ્વરી, ગુણદોષના તફાવતને જાણનાર, દેવ સેવામાં તત્પર, આત્મપ્રશંસા અને પરનિંદા વગરનો, પરોપકારી, વિનયી, સત્યવક્તા, સંપત્તિમાં હર્ષ અને વિપત્તિમાં વિષાદ વિનાનો બુદ્ધિવાન હતો. જડ મારાથી બધી રીતે વિપરીત ગુણવાળો હતો. અમો બન્ને લાલનપાલન કરાતા તરૂણઅવસ્થાને પામ્યા. વિમલચિત્ત નગરમાં મલક્ષય રાજાને શુભલબ્ધિ નામે પટ્ટરાણીથી બુદ્ધિ નામે પુત્રી થઈ. તે ઉંમર લાયક થતાં સ્વયંવરા તરીકે મોકલી મારી સાથે પરણાવી. મલક્ષય રાજાએ પુત્રીના સમાચાર જાણવા પોતાના પુત્ર વિમર્શને મારી પાસે મોકલ્યો. તે અરસામાં મારી સ્ત્રી બુદ્ધિએ એક પુત્રને જન્મ આપ્યો. તેનું પ્રકર્ષ નામ પાડયું.

હવે એક દિવસ વદનકોટર વનમાં હું અને

૭

જડ ક્રીડા કરવા ગયા. ત્યાં એક મોટું કોતર જોયું તેમાંથી નીકળતી લાલરંગની જીભરૂપી સ્ત્રીને જોઈ જડ વિચારવા લાગ્યો કે આવી સ્ત્રી તો ત્રણે જગતમાં કોઈ નથી તે મારી સામું જુએ છે તો હું તેને મારી બનાવું. હું તે જીભને વનમાં એકલી જોઈને નુકશાનકારક જાણી નીચી દૃષ્ટિ કરીને રહ્યો અને જડને ખેંચીને બીજી જગાએ જવા લાગ્યો. થોડે દૂર ગયા પછી જીભની દાસી લોલતા આવી કહેવા લાગી કે: તમો મારી શેઠાણીને છોડી ચાલ્યા ગયા તેથી તમારા વિયોગથી તે મૂર્છિત થઈને પડી છે તમો આવી તેને શાંત કરો.

જડ બોલ્યો કે: હે ભાઈ વિચક્ષણ! ચાલો આપણે ત્યાં જઈએ! હું બોલ્યો: ત્યાં જવું સારૂં નથી તે સ્ત્રી ઠગારી છે. છતાં જડના આગ્રહથી અમો બન્ને ત્યાં ગયા. જડે તેનું નામ પૂછતાં દાસીએ કહ્યું કે: મારી શેઠાણીનું નામ જીભ યાને રસના છે અને મારૂં નામ લોલતા છે. તું શું મને વીસરી ગયો. તેં તો મને સારી રીતે સેવેલી છે. વિકલેન્દ્રિય નિવાસના પહેલા પાડામાં બેઇન્દ્રિય જીવો રહે છે ત્યાં તમોને રાજાએ વદનકોટર (મુખ) આપ્યું હતું તેમાં આ બીલમાં બ્રહ્માએ તમારા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માટે મારી શેઠાણીને બનાવી છે ત્યારથી અમો બન્નેએ તમારી સાથે વિલાસ કર્યો છે.

આ સાંભળી જડે વિચાર્યું કે હું કૃતાર્થ થયો. મારો વિચાર પાર પડયો એમ વિચારી રસનાને હંમેશાં મધ, મદિરા, માખણ અને માંસ આદિકથી લાડ લડાવવા લાગ્યો. તેથી તે ભક્ષ્યાભક્ષ્ય અને પેયાપેયને નહિ જાણતો પશુ જેવો થયો. રસનાને વશ થએલો અને દુરાચારમાં રક્ત થએલો જડ લોકોથી અત્યંત નિંદાવા લાગ્યો. હું વિચક્ષણ હોવાને કારણે લોલતાની વાણી સાંભળીને ક્ષોભ પામ્યો નહિ અને વિચારવા લાગ્યો કે, મુખરૂપ કોટરમાં ઉત્પન્ન થએલી રસના મારી સ્ત્રી તો છે. છતાં તેની પરીક્ષા કર્યા વિના તેને પોષવી નહિ. પણ લોકાચારથી તેનું પાલન કરવું એટલે તેને કિંચિત્ ભોજન રસ દેવા લાગ્યો. આ પ્રમાણે વર્તતાં મારે ધર્મ, અર્થ ને કામ ત્રણેની લક્ષ્મી પ્રાપ્ત થઈ. જડે પોતાની માતા અચારૂતા અને પિતા અશુભોદયને રસનાનો લાભ જણાવ્યો. તેમણે તેમાં સંમતિ આપી, તેથી તે રસનામાં અત્યંત લુબ્ધ બન્યો. મેં મારા માતાપિતા, સ્ત્રી, પુત્ર ને સાળાને રસનાની પ્રાપ્તિથી વાકેફ કર્યાં. પિતાએ કહ્યું કે હે વત્સ! તું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તત્ત્વનો જાણકાર છે તો પણ તારે તે રસનાનો કદી વિશ્વાસ કરવો નહિ. તેમાં પણ લોલતા સહિત એકાકી વનમાં વિચરનારી રાક્ષસી સરખીને અહિં કોણ લાવ્યું. તે પણ જણાતું નથી તો તો તેણીના સંગને ઇચ્છતા પહેલાં તેના મૂળની તપાસ કરાવવી. મારી માતા અને સ્ત્રીએ પણ તેમજ કહ્યું. તેથી મેં કહ્યું કે: આની તપાસ માટે કોને મોકલવો. પિતાએ કહ્યું કે: વિમર્શને મોકલવા જેવો છે. પછી મેં વિમર્ષને એક વર્ષની મુદત આપીને મોકલવા નક્કી કર્યો, ત્યારે મારા પુત્ર પ્રકર્ષે કહ્યું કે: મામા વિના હું રહી શકીશ નહિં માટે મને તેમની સાથે મોકલો. મેં પિતાજી સામે જોયું તો પિતાજી તેને મોકલવામાં સંમત થતાં મેં બન્ને સાથે જવા આજ્ઞા આપી. તે વખતે શરદઋતુ ચાલતી હતી. મામો ભાણેજ શરદઋતુની શોભા જોતા બહારના ભાગમાં ભમ્યા પણ ત્યાં રસનાનું કુળ નજરે પડયું નહિં. એમ કરતાં ઠંડીને આપનાર હેમંત-ઋતુ આવી. તેમાં દિવસ ટુંકો ને રાત્રી મોટી થતી હતી. સ્ત્રીઓના સ્તનના આલિંગનથી ધારણ કરી છે ઉષ્ણતા જેણે એવા પુરૂષો ભોગવિલાસમાં મગ્ન થતા અને સ્ત્રીઓના વિયોગથી ખેદ પામતા પુરૂષો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૪. ભૂર્ભુવઃ સ્વઃ ભાગ ૨
૫૫. જૈન કથાઓ–સુબોધ કથાઓ
૫૬ સુબોધ કથાઓ–જૈન દર્શન
૫૭. બૃહદ્ સંગ્રહણી સાર્થ
૫૮. જૈન ધર્મ પ્રવેશક ભાગ ૧
૫૯. ઉપમિતિ ભવ પ્રપંચાકથા ભાગ ૧
૬૦. ઉપમિતિ ભવ પ્રપંચાકથા ભાગ ૨
૬૧. નૂતન સ્તવનાવળી
૬૨. ઉપદેશસિત્તરી
૬૩. સહસ્રકુટ નામાવલી
૬૪. જૈન કથાઓ ભાગ ૧૩
૬૫. " " " ૧૪
૬૬. " " " ૧૫
૬૭. જૈન મહાભારત
૬૮. જૈન ઇતિહાસ
૬૯. જૈનધર્મ પ્રવેશક ભાગ ૨
૭૦. સચિત્ર જૈન રામાયણ
૭૧. વસુદેવહિંડ ચરિત્ર
૭૨. સમકિત–મૂળ બાર વ્રતકથાઓ
૭૩. નવ સ્મરણ–મૂળ
૭૪. નવપદ મહાત્મ્ય
૭૫. લઘુક્ષેત્ર સમાસસાર્થ
૭૬. અકલંક આત્મકથા
૭૭. સાધુસાધ્વી આવશ્યક સૂત્રાર્થ
૭૮. ચેઈયિથયથુઈ સજ્ઝાયમાળા ભાગ ૩
૭૯. જૈન કથાઓ ભાગ ૧૬
૮૦. " " " ૧૭
૮૧. નવકારના જાપની નોંધ
૮૨. તત્ત્વાર્થાધિગમ સૂત્રાર્થ
૮૩. જૈન ધર્મપ્રવેશક ભાગ ૩
૮૪. જૈન પ્રશ્નોત્તરી ભાગ ૧
૮૫ " " " ૨
૮૬. " " " ૩
૮૭. બે પ્રતિક્રમણ તથા પ્રકીર્ણ સંગ્રહ
૮૮. જૈન કથાઓ ભાગ ૧૮
૮૯. " " " ૧૯
૯૦. " " " ૨૦
૯૧. ચોસઠ પ્રકારી પૂજા સાર્થ ભાગ ૧
૯૨. " " " ભાગ ૨
૯૩. વિવિધ પૂજા સાર્થ ભાગ ૧
૯૪. " " " ભાગ ૨
૯૫. છંદ, સ્તવન, સજ્ઝાય સંગ્રહ
૯૬. જૈનધર્મનો પરિચય
૯૭. આગમસાર
૯૮ પ્રશમરતિ
૯૯. જૈન કથાઓ ભા-૨૧
૧૦૦. સામયિક ચૈત્યવંદન તથા દેવવંદનની ચોવીશી સાર્થ
૧૦૧. પારસમણિ

卐

P. P. Ac. Gunratansuriji M.S.　Jin Gun Aaradhak Trust

णमो वीयरायाणं ।    नमोनमः श्री गुरुधर्मसूरये ।

# અભિપ્રાય

વિદ્વાન તપસ્વી મુનિવર શ્રી અકલંકવિજયજી દ્વારા અનેક જૈન ધર્મનું ચરિત્રદિ વાર્તાસાહિત્ય બહાર પડે છે. જેઓને સંસ્કૃતનું જ્ઞાન નથી તેવા બાલજીવોને તેમનું સાહિત્ય ઉપયોગી બની શકે તેવું છે. સકલ જૈન સંઘે અને જૈન સમાજના સાહિત્યપ્રેમી-ધર્મપ્રેમીઓએ તેમના શુભ પ્રયત્નમાં હંમેશા સારો સહકાર આપવો જોઈએ.

એ જ વિજયકનકરત્નસૂરિ

મુનિ અકલંકવિજયજીએ કુલ ૧૦૮ પુસ્તકોનું પ્રકાશન કરવાનું વિચાર્યું છે અને એમાં ૯૮ પુસ્તકો છપાયાં છે. આ પ્રકાશન પ્રવૃત્તિ પાછળનો હેતુ દૃષ્ટાંતકથાઓ–ચરિત્રો અને આત્મવૃત્તાંતો દ્વારા લોકોમાં ધાર્મિક રુચિ ઊભી કરી તેમને સદાચાર અને સદ્ધર્મ તરફ વાળવાનો છે. સમાજના સામાન્ય સ્તરના મોટા સમુદાયને આવી દૃષ્ટાંતકથાઓમાં રસ પડે છે. એટલું જ નહિ પરંતુ એમના જીવન ઉપર પણ થોડેઘણે અંશે એની અસર થાય છે. આ શુભ પ્રવૃત્તિ બદ્દલ તપસ્વી મુનિ અકલંકવિજયજી ધન્યવાદને પાત્ર છે.

મુગટલાલ પો. બાવીશી
પીએચ.ડી.
૪/૪, સાંઈ એપાર્ટમેન્ટ,
હવાડિયા ચકલા પાછળ,
સુરત–૩૯૫૦૦૩.